Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૧ | બી. ચૈત્ર–વૈશાખ. | પુસ્તક ૪૨ મું. |
| વિક્રમ સં. ૨૦૦૧ | :: ઇ. સ. ૧૯૪૫ મે :: | અંક ૧૦ મો. |

**શ્રી જૈન આત્માનંદ સભા,—ભાવનગર.**

**રા. રા. મેમ્બર સાહેબ,**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે આપણી સભાનો ૪૯ મો વાર્ષિક મહોત્સવ જેઠ શુદ ૭ તા. ૧૭–૬–૪૫ રવિવારના રોજ હોવાથી સભાના મકાનમાં સવારે ( નવો ટાઇમ ) નવ કલાકે ગુરુ-પૂજન કરવામાં આવશે અને પ્રભુ પધરાવી શ્રી પંચપરમેષ્ઠી ભગવાનની પૂજા ભણાવવામાં આવશે. ( હાલમાં ચાલતા અસાધારણ મોંઘવારીના કારણે ના. દરબારશ્રીના ધારા મુજબ જમણવાર બંધ હોઇ વોરા હઠીસંગ-ભાઇ ઝવેરચંદ તરફથી કરવામાં આવતું સ્વામીવાત્સલ્ય આ વખતે પણ બંધ રાખવામાં આવ્યું છે. )

જેઠ શુદ ૮ તા. ૧૮–૬–૪૫ ના રોજ ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજની ગુણગ્રામ કરવા-પૂર્વક મેળાવડો કરી જયંતી ઉજવવામાં આવશે.

**તા. ક.**—ઉપરોક્ત શુભ પ્રસંગે આપ સર્વ ભાગ લેવા અવશ્ય પધારશોજી.

નમ્ર સેવકો,
**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**
**શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ.**
**ડોકટર જસવંતરાય મૂળચંદ શાહ.**
સેક્રેટરીઓ

## શ્રી શ્રેયાંસનાથનું સ્તવન.

રાગ–**વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ.**

શ્રેયાંસનાથ જિનેશ્વર દર્શન મુજ થયા, આતમ દૃષ્ટિ સતેજ બની સંકટ ટળ્યા;
વિષ્ણુ પિતા વિષ્ણુ દેવીના નંદન સિંહપુરે, જન્મ્યા ચારે દિશાના જીવ હરખ ધરે. ॥ ૧ ॥
કાયા એંસી ધનુષ્ય લંછન ગેંડાતણું, પ્રભુનું એકવીસ લાખ વરસ કુંવરપણું;
બેંતાલીસ લખ વર્ષ સુધી રાજ્યપણે, એકવીસ લાખ વરસ વિચરે સાધુપણે. ॥ ૨ ॥
દીક્ષા દિનથી બે માસ જતાં કેવળ લહે, વિચરે મહીતલ સહુ પદાર્થ સ્વરૂપ કહે;
નિજ પર તારક અંતિમ કાળ પિછાણીને, સમ્મેતગિરિ જાતાં લઇ સહસ મુનીશને. ॥ ૩ ॥
પામ્યા સિદ્ધિ સાગર સો લાખ છાસઠ અને, સહસ છવ્વીસ ઊણુ એક ક્રોડ સાગર અંતરે;
શીતલ મુક્તિ દિવસથી શ્રેયાંસ જિન સિદ્ધ થયા, જ્ઞાતા ટાળી ભેદ અભેદ સ્વરૂપ બન્યા. ॥ ૪ ॥
પ્રભુ પદ પૂજક નિશ્ચલ નાગકેતુ પરે, કેવલ નાણુ લહી શિવસંપદને વરે;
નેમિસૂરીશ્વર પદ્મ સુણી શ્રેયાંસને, ધન્ય કૃતાર્થ બન્યા પામી પ્રભુભાવને. ॥ ૫ ॥

**આ. મ. શ્રી પદ્મવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાહિત્ય અને તેની ઓળખ.

લે૦-મુનિરાજશ્રી ધુરંધરવિજયજી.

**નોટઃ**- વિદ્વદ્વર્ય મુનિવર્ય શ્રી ધુરંધરવિજયજી મહારાજે રચેલ ' સાહિત્ય શિક્ષામંજરી ' ગ્રન્થના પ્રારંભમાં સાહિત્ય અને તે ગ્રન્થનો પરિચય આપતાં ટૂંકમાં સાહિત્યની સરલ ને સુન્દર સમજ આપી છે. તે સાહિત્યરસિકોને માટે ઉપયોગી હોવાથી અમે પણ અહિં તે ઉધ્ધૃત કરીએ છીએ. મહારાજશ્રી ભાષાનું સારું જ્ઞાન ધરાવે છે, તેઓશ્રીની ગુજરાતી ભાષા પણ સરલ અને સુંદર છે, તે આ લેખથી પણ જણાય તેવું છે.

**—સંપાદક.**

સાહિત્ય-ખારા મહેરામણમાં મીઠી વહેતી વિરડી.
સાહિત્ય-ધખતા ધામમાં કલ્પવેલીની શીળી છાંય,
સાહિત્ય-વિષ વરસતા વિશ્વમાં અમૃત બિન્દુ,

એને કોણ ન ચાહે ? એને કોણ ન ઇચ્છે ? એને માણવાના કોડ-અભિલાષ કોને ન જાગે ? માણસ-માણસ હોય, એનું મનુષ્યત્વ મરી ગયું ન હોય, તો એને સાહિત્ય સિવાય ચાલેજ નહિં. એ વાયુ વગર નભાવી લે, જળ વિના જીવે, એને ખાધા વગર ચાલે, પણ સાહિત્ય ન મળે, રસના ઘૂંટડા પીવા ન સાંપડે તો એને જીવવું ન ગમે, એના વિના પ્રાણ ન ટકે.

સાહિત્યથી સર્વનું શ્રેયઃ સધાય છે. જગતના કલ્યાણનો મોટો ફાળો એને ભાગે છે. એવો કોણ છે કે જેણે સાહિત્યનું સાચું સેવન કર્યું હોય-હૃદયથી સાહિત્યની ઉપાસના કરી હોય ને તેનું હિત ન થયું હોય ? તેને લાભ મળ્યો ન હોય ? હા, બને, સાહિત્યને નામે દુનિયામાં ફેલાતા દૌહિત્ય-અશિષ્ટ-કચરાપટ્ટીમાં ફસાઇ ગયો હોય તેને લાભ ન થાય, લાભ તો ન થાય પણ તેનું અકલ્યાણજ થાય, વિષવેલીની છાયામાં શાન્તિ કયાંથી મળે ? શૂળ સિવાય બાવળ પાસે બીજી સંપત્તિ શું હોય ?

માટે સાહિત્યનાં કોડ પૂરનારે પ્રથમથી સાહિત્ય અને સાહિત્યાભાસની ઓળખ-પરીક્ષા કરતાં શિખવું જોઇએ. એ બે વચ્ચેનો તફાવત જાણતાં શિખવું જોઈએ. ખરાખોટાની તપાસ કરતાં શિખવું. એ શિખડાવનાર ગ્રન્થ તે સાહિત્યશાસ્ત્ર. કાવ્યપ્રકાશ, કાવ્યાનુશાસન, સરસ્વતીકંઠાભરણ, સાહિત્યદર્પણ, અલંકારચિન્તામણિ, દશરૂપક, રસગંગાધર, વગેરે મહાસાગર જેવા તે ગ્રન્થો. તે મહાસાગરના ઘૂઘવાટથી ભય પામતા અને સાહિત્યને ઓળખવાની અભિલાષા ધરાવતા રસિકોને માટે તેમાંથી જ ચૂંટી કાઢેલી આ ' સાહિત્યશિક્ષામઞ્જરી '. આ મંજરીને ચાખશે એ પણ સાચા અને જૂઠાની પરીક્ષા કરતાં શિખી જશે. એના પાંચ પરિચ્છેદ-પ્રકરણ છે. તેને અહિં ' પ્રમિતિ ' નામે અભિલાષા છે. પ્રમિતિ એટલે સત્યજ્ઞાન અને સત્યજ્ઞાન કરાવનાર તે પાંચ પ્રમિતિ આ પ્રમાણે છે.

**પ્રથમ પ્રમિતિ**—કવિ કેમ થવાય એનું સત્ય જ્ઞાન કરાવે છે. કવિયો ત્રણ રીતે પાકે છે (૧) સરસ્વતી વગેરે દેવતાના પ્રસાદ-પ્રસન્નતાથી (૨) પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કારોથી ને (૩) લૌકિક પ્રયત્નોથી. લૌકિક પ્રયત્નથી નીપજતા કવિયોમાં પણ ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકાર છે. પ્રથમ કોટિનાને ગુરુ થોડું શિક્ષણ આપે, રસ્તો બતાવે એટલે ચાલ્યું. એની શક્તિ ખીલી નીકળે બીજાના ઉપર મહેનત વધારે કરવી પડે પણ મહેનત જેટલું ફળ એ શિખનાર કરી બતાવે ને તેથી ગુરુ સન્તોષાય. પણ ત્રીજા તો ઘણી મહેનતે થોડું શિખે, મહેનતના પ્રમાણમાં ફળ કંઇ ન દેખાય. એ કવિ નામધારી જ કવિ બને, એથી કંઇ દા'ડો ન વળે. આ સર્વનું સવિસ્તર સ્વરૂપ પ્રથમ પ્રમિતિમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી પ્રમિતિમાં **છન્દનું** જ્ઞાન છે. છન્દો જ્ઞાન સિવાય પદ્યરચના-કાવ્ય ન બનાવી શકાય, માટે કવિ બનનારે એ જાણવું જરૂરી છે. મુખ્ય મુખ્ય પ્રચલિત વૃત્તોનું વ્યવસ્થિત દરેકના ઉદાહરણ-ગણ-સમજ સાથે સ્વરૂપ દ્વિતીય પ્રમિતિમાં દર્શાવ્યું છે.

ત્રીજી પ્રમિતિમાં **નવરસ**-રસાભાસ-ભાવ-ભાવાભાસનું સોદાહરણ વર્ણન છે. ને પછી ધ્વનિકાવ્યના ભેદો ટૂંકમાં બતાવ્યા છે. રસ અને ધ્વનિ એ બે સાહિત્યમાં પ્રધાન ભાગ ભજવે છે. એ બે વગરનું સાહિત્ય પ્રાણ વગરનું ખોળિયું છે. સાહિત્ય જાણનારે એ બે સમજવાની ખાસ અગત્ય છે. એ ન સમજનાર સાહિત્યનો સ્વાદ બિલકુલ લઇ શકતો નથી. આ વાત ત્રીજી પ્રમિતિમાં સારી રીતે સમજાવી છે.

ચતુર્થ પ્રમિતિમાં-**ગુણ, દોષ, રીતિ** અને **અલંકારનું** વર્ણન છે. કાવ્યની કિંમત કરવા માટે આ ચારે બહુ જરુરના છે. પ્રાચીન પુરુષોએ તો કાવ્યના લક્ષણમાં જ ગુણ, દોષ અને અલંકારને જોડ્યા છે. અલ્પ દોષ હોય, બહુ ગુણ હોય અને અલંકારથી અલંકૃત હોય એ જ કાવ્ય કહેવાય. કાવ્યની ઉપાદેયતા આચાર પર અવલંબે છે. કાવ્ય સારું કે નરસું એ આચારનું સ્વરૂપ સારી રીતે જાણ્યું હોય તો તુરત ખબર પડે છે. આ ચાર કાવ્ય કનકની કસોટીઓ છે. એ હકીકત ચતુર્થ પ્રમિતિમાં બતાવેલ છે.

પાંચમી પ્રમિતિમાં-**કવિસમય** દર્શાવેલ છે. કવિસમય એટલે સાહિત્યની નિયમાવલી. એ નિયમોને આધારે કવિ વિહંગ કાવ્ય-ગગનમાં ગમે તેટલે ઊડી શકે છે, નિયમ વિરુદ્ધ જાય કે નિયમ ચૂકે, તો તે નીચે પડે છે. '**निरङ्कुशाः कवयः**' કવિયો પર અંકુશ હોય નહિ, પણ એથી એ ફાવે તેમ વર્તી શકે એમ પણ નહિ. એની મર્યાદામાં એના પર કોઇ જાતિનું બન્ધન નહિં. પણ મર્યાદા બહાર જાય તો તે કવિત્વ ગુમાવી બેસે. એ નિયમાવલી પંચમ પ્રમિતિમાં જણાવી છે. સાથે સાથે તેમાં સાહિત્યમાં ચાલતી અંકલેખન પદ્ધતિ બતાવી છે. તે પણ ઘણીજ ઉપયોગી છે. આ પાંચ પ્રમિતિથી '**साहित्य शिक्षामञ्जरी**' નામે ગ્રન્થ પૂર્ણ થાય છે. પાછળથી બે પરિશિષ્ટ મુકયા છે.

તેમાં પ્રથમમાં-અનુભૂત **સિદ્ધ સારસ્વતાચાર્ય**-શ્રી બપ્પભટ્ટિસૂરિજી મહારાજે બનાવેલ ભગવતી સરસ્વતી દેવીનું સ્તોત્ર ટીકા સાથે છે. સ્તોત્ર ઘણું જ પ્રાભાવિક છે. તેના તેર (૧૩) સૂકતો છે. ૧૦ માં સૂકતમાં મન્ત્ર છે. આ સ્તોત્રનું નામ પણ 'અનુભૂત સિદ્ધસારસ્વત સ્તવ' છે. સાંભળવા પ્રમાણે પ્રથમ આ સ્તોત્રના ૧૪ સૂકતો હતા. એનો પ્રભાવ એવો હતો કે તે પાઠ કરવાની સાથે દેવી સરસ્વતી સાક્ષાત્ હાજર થતી. દેવીના કથનથી જ એક પદ્ય કમી કરી નાખવામાં આવેલ છે, તો પણ આ સ્તોત્રમાંથી નીકળતા મન્ત્રનો દશાંશ સહિત વિધિ યુક્ત આમ્નાય પ્રમાણે લક્ષ જાપ કરવામાં આવે તો તેને ભગવતી ભારતીના દર્શન થાય એ નિઃસંશય છે. પ્રભાત સમયે સ્તોત્રનો રોજ પાઠ કરવામાં આવે તો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધે ને બુદ્ધિ-શક્તિ ખીલવા સાથે જ્ઞાન પણ સારું ચડે.

બીજા પરિશિષ્ટમાં—'શબ્દવૃત્તિમીમાંસા' છે. શબ્દથી જે જ્ઞાન થાય છે તે જ્ઞાન કરાવનારા અનેક કારણોમાં આ વૃત્તિઓ પણ છે. તે પ્રધાનતયા ત્રણ છે. શક્તિ, લક્ષણ ને વ્યંજના. આ મીમાંસામાં શક્તિ ને લક્ષણાને ટૂંકમાં બતાવી વિસ્તારથી વ્યંજનાને નિરૂપી છે. કેટલાએક વ્યંજનાની જરૂર નથી માનતા તેમને યુક્તિપૂર્વક વ્યંજના માનવા સમજાવ્યા છે, ને વ્યંજના માન્યા વગર ચાલે નહિં એ સાબિત કર્યું છે. સાહિત્યમાં વ્યંજનાનો પ્રભાવ ડગલે ને પગલે અનુભવાય છે. એ રીતે ત્યાં આ પુસ્તકની પૂર્ણાહુતિ થાય છે.

આ ગ્રન્થથી સહૃદયો સત્ય સાહિત્ય સમજતા શિખે ને દુષ્ટ, અનિષ્ટ અને કિલષ્ટ સાહિત્યથી દૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે એ આ ગ્રન્થનું પ્રધાન પ્રયોજન છે. આના પઠન, પાઠન, વાચન ને મનનથી એક પણ આત્મા સત્સાહિત્યનો ઉપાસક બનશે તો આને અંગે કરેલ મહેનત સફલ છે. એ જ આત્મમાત્ર કલ્યાણ પન્થે સંચરો.

## ' ક્રોધજય '

### આ૦ શ્રી વિજયકસ્તુરસૂરિજી.

કષાય ઉપર વિજય મેળવ્યા સિવાય મુક્તિ મળી શકતી નથી. કષાયોથી મુકાઇ જવાનું નામ જ મુક્તિ છે. જેનાથી સંસારનો લાભ થાય તે કષાય કહેવાય છે. ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારના કષાય છે, તો પણ જન સાધારણમાં કષાયના નામથી ક્રોધ ઓળખાય છે. આ ક્રોધ–કષાય ઉપર વિજય મેળવનારે પ્રથમ તો તેને ઉત્પન્ન થવાનાં કારણો શોધી કાઢવાં જોઇયે અને પછી તેનો નાશ કરવાના ઉપાયો જાણવા જોઇયે. જેમ દ્રવ્ય રોગ ઉત્પન્ન થવાનાં અનેક કારણો છે તેમ ભાવ રોગસ્વરૂપ ક્રોધ ઉત્પન્ન થવાનાં પણ અનેક કારણો છે. દ્રવ્ય-રોગનું નિદાન કરીને જો ઔષધી આપવામાં આવે તો દ્રવ્યરોગ નાબૂદ થાય છે તેવી જ રીતે ભાવ રોગ ક્રોધનું નિદાન કરીને ઉચિત ઉપાયો કરવામાં આવે તો તે નાશ પામી જાય છે.

જ્યારે માનવીને ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે તેણે વિચારવું જોઇએ કે મને શાથી ક્રોધ ઉત્પન્ન થયો છે? જો પોતાને દીધેલી ગાળ સાંભળીને ક્રોધ આવ્યો હોય તો ગાળ આપનારની સામે કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કરતાં પહેલાં સદ્બુદ્ધિ વાપરીને વિચારવું જોઇયે કે ગાળ શું વસ્તુ છે અને તેનાથી મારું શું નુકશાન થયું છે? પોતપોતાનું નુકશાન અને ગાળ આ ચારે વસ્તુનું સ્વરૂપ લોકસંજ્ઞાથી ન વિચારતાં તાત્ત્વિક દૃષ્ટિથી વિચારવું.

હું પોતે એટલે કોણ? જડાત્મક પાંચ ભૂતોના બનેલા શરીર સ્વરૂપ નહીં પણ શરીરથી ભિન્ન, સંયોગ સંબંધથી રહેનાર શરીરનો અધિષ્ઠાતા ચૈતન્ય સ્વરૂપ, વસ્તુ માત્રનો પ્રકાશક, અજર, અમર, અનામી, અરૂપી, અનંત જ્ઞાન, દર્શન, જીવન સુખ-સ્વરૂપ અસંખ્ય પ્રદેશી, સ્વસ્વરૂપનો કર્તા તથા ભોક્તા ઉપયોગ સ્વરૂપ આત્મા છું.

મારું પોતાનું શું છે? તન, ધન અને સ્વજન આદિ મારાં નથી. દેહ તથા દેહની સાથે સંબંધ ધરાવનાર વસ્તુ માત્રનો હું સ્વામી નથી. સંસારમાં સંયોગ સંબંધ ધરાવનાર વસ્તુ માત્ર મારી નથી. મારાથી દ્રવ્ય માત્ર ભિન્ન છે અને બધાય દ્રવ્યોથી હું ભિન્ન છું. એટલે કોઇ પણ દ્રવ્ય મારું નથી. અજીવ દ્રવ્યથી તો અત્યંત ભિન્ન છું; કારણ કે તે વિજાતીય અને વિરુદ્ધ સ્વભાવવાળું છે માટે તે મારું હોઈ શકે નહીં. મારી સાથે સ્વરૂપ સંબંધ ધરાવનાર વસ્તુનો હું સ્વામી છું. એટલે જે કેવળ-જ્ઞાન–કેવળદર્શન મારાં છે તેમનો હું સ્વામી છું. હું જીવ દ્રવ્ય હોવા છતાં પણ સ્વજાતીય જીવ દ્રવ્યોથી ભિન્ન છું. સ્વરૂપથી તથા ગુણ ધર્મથી સમાન હોવા છતાં પણ અનંતા જીવ દ્રવ્ય મારાથી ભિન્ન છે તો પણ હું તેમનો સ્વામી નથી; કારણ કે તેમનો મારી સાથે (તાદાત્મ્ય) સ્વરૂપ સંબંધ નથી. તે બધાંયે દ્રવ્ય છે એટલે તેમનો સંયોગ સંબંધ હોઇ શકે. જો જીવ દ્રવ્ય માત્રનો તાદાત્મ્ય–સ્વરૂપ સંબંધ હોત તો એક જીવની મુક્તિ થવાથી બધાય જીવોની મુક્તિ થઇ જાત. તેમજ જો જીવ માત્ર સ્વરૂપ સંબંધવાળા હોય તો સંસારમાં બધાય જીવોમાં જ્ઞાન, સુખ, દુઃખ, આકૃતિ, પ્રકૃતિ, જન્મ, મરણ આદિ સમાન જ હોવાં જોઇયે પણ તેવો અનુભવ ક્યાંય પણ થતો જણાતો નથી માટે જીવ દ્રવ્યો ભિન્ન છે અને તે સંયોગ સંબંધથી ભેગાં રહી શકે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન જે મારાં છે તેનો જ હું સ્વામી છું, પણ બીજા જીવના જ્ઞાનાદિ મારાં નથી. કારણ કે તે મારા ઉપયોગમાં આવી શકતાં નથી. જો કે દીપકોના પ્રકાશની જેમ વસ્તુ પ્રકાશવામાં અંશ માત્ર પણ અંતર નથી છતાં એક બીજાને કામ આવી શકે નહીં. ભિન્નપણે રહીને જ પ્રકાશે છે, માટે હું બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવના કેવળજ્ઞાન-કેવળદર્શનનો સ્વામી નથી તો પછી વિજાતીય જડસ્વરૂપ દેહગેહનો સ્વામી કેવી રીતે હોઈ શકું ? પ્રકૃતિમય કે વિકૃતિમય કોઇ પણ જડ વસ્તુ મારી નથી, તો પછી મારે કોના માટે ક્રોધ કરવો. હવે ગાળ શું વસ્તુ છે ? કે તેને વાપરનારનું વિરૂપ કરવા મારે ક્રોધનો આશ્રય લેવો પડે છે. માનવી ક્રોધનો આદર કર્યા વગર બીજાનું અનિષ્ટ કરી શકતો નથી. ક્રોધ દ્વેષનું અંગ છે અને દ્વેષાધીન માણસ જેના પ્રતિ દ્વેષ હોય તેનું ભલું કરી શકતો નથી, માટે મારે ગાળનું સાચું સ્વરૂપ સમજીને ક્રોધને અવકાશ આપવો નહીં. લોકસંજ્ઞાથી માતા, પુત્રી, સ્ત્રી, ભગિની અથવા તો નજદીકનો સંબંધ ધરાવનાર કોઇ પણ સ્ત્રી અર્થાત્ સ્ત્રીવર્ગને ઉદ્દેશીને અપકૃત્ય ગર્ભિત અપશબ્દ ઉચ્ચારણ કરવા તે ગાળ કહેવાય છે. વસ્તુસ્થિતિ વિચારતાં આત્મા સ્ત્રી નથી તેમજ પુરુષ પણ નથી પણ આકૃતિ વગરનો શુદ્ધ અરૂપી ચૈતન્ય છે, છતાં કર્મના પ્રભાવથી ભિન્ન ભિન્ન આકૃતિઓને ધારણ કરીને સંસારમાં અનંતાકાળથી એક-બીજાની સાથે અનેક પ્રકારનાં સંબંધથી જોડાય છે. દરેક ભવમાં એક સરખા સંબંધ હોતા નથી. ગાળ દેનાર તથા સાંભળનાર અને જેને ઉદ્દેશીને અપશબ્દ બોલવામાં આવે છે તે પૂર્વના ભવોમાં માતા, સ્ત્રી, પુત્રી, બ્હેન, પિતા, પુત્ર આદિના સંબંધોથી અનેક વખત જોડાયા હશે તો ગાળ દેનાર તથા ગાળ સાંભળી ક્રોધ કરનાર બંને અજ્ઞાનતાથી ક્લેશ કરીને કર્મબંધ કરે છે, માટે મારે ક્રોધ ન કરવો જોઇયે.

ગાળ સાંભળવાથી આત્માના જ્ઞાનાદિ ગુણોનું કાંઇ પણ નુકશાન થતું નથી, પણ ક્રોધથી ઉશ્કેરાઇને ગાળનો બદલો વાળવા, ગાળ દેનારનું અહિત કરી અશાતા ઉત્પન્ન કરવા કોઇ પણ પ્રકારની કાયિક, વાચિક તથા માનસિક પ્રવૃત્તિ કરવામાં આવે તો અશુભ કર્મ બંધાય છે કે જે પરિણામે આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરનારાં થઇ પડે છે અને તેથી આત્માને ઘણું નુકશાન થાય છે. બાકી તો વસ્તુસ્થિતિ વિચારી સમભાવે ગાળ દેનારની ઉપેક્ષા કરવામાં આવે તો આત્માને નુકશાનને બદલે લાભ જ થાય છે, અશુભ કર્મની નિર્જરા થાય છે અને સામેનો માણસ શત્રુ બનતાં અટકે છે અને પરિણામે પોતાની અનુચિત પ્રવૃત્તિરૂપ ભૂલની ક્ષમા યાચી લે છે માટે ગાળ સાંભળીને ક્રોધ કરવો તે ડાહ્યા સમજુ બુદ્ધિશાળી માણસને ઉચિત નથી. અને બીજી રીતે પણ વિચાર કરીયે તો ગાળ દેનાર આત્માના આશ્રયભૂત જડાત્મક દેહને ઓળખવા રાખેલા બનાવટી નામને આશ્રયીને પ્રવૃત્તિ કરે છે કે જેનો આત્માની સાથે નામનો જ સંબંધ છે. આ દેહ અને તેનું નામ બંને ક્ષણવિનશ્વર અને છેવટે છૂટી જનારા છે તો તેના માટે વસ્તુસ્થિતિનો જાણનાર હું ક્રોધ કરીને પોતાનું જીવન અશાંતિમય કેમ બનાવું ?

આ પ્રમાણે દેહની સાથે સંબંધ ધરાવનાર સચેતનને આશ્રયીને ક્રોધની ઉત્પત્તિનું નિવારણ વિચાર્યું. હવે દેહની સાથે સંબંધ ધરાવનાર અચેતન વસ્તુઓનું વિરૂપ કરવાથી માણસને ક્રોધાધીન થવું પડે છે. તેની શાંતિ માટે વિચાર કરીયે છીયે. અચેતન વસ્તુઓ જેવી કે દેહ, વસ્ત્ર, ઘરેણાં, મકાન, ધન વિગેરે આવી જડ વસ્તુઓ કે જેના ઉપર આપણે સ્વામીપણાનો દાવો કરતા હોઇયે તેનો કોઈ વિનાશ કરે તો તેના ઉપર ક્રોધ ન કરતાં વસ્તુનું ક્ષણવિનશ્વર સ્વરૂપ વિચારવું જોઇયે. પૌદ્ગલિક સ્કંધોથી બનેલી જડ વસ્તુઓ પ્રત્યેક ક્ષણે નાશ થવાવાળી હોય છે. બીજાઓ તો તેમાં એક નિમિત્ત માત્ર જ હોય છે. નાશવાન વસ્તુઓના નાશમાં અંતરંગ નિમિત્ત તો કાળ છે, કે જે નિમિત્ત આપણી ચર્મચક્ષુથી પર છે. આપણે તેને જોઈ શકતા નથી એટલે આપણને તેના ઉપર ક્રોધ આવતો નથી, પણ સચેતન અથવા તો અચેતન જે બહિરંગ નિમિત્ત છે તે આપણને દૃષ્ટિગોચર થવાથી તેના ઉપર ક્રોધ આવે છે. વસ્તુનો નાશ કરનાર કાળ છે છતાં અજ્ઞાનતાથી માણસ ઉપર નાશ કરવાનો આરોપ મૂકીને અને ક્રોધ કરીને શત્રુતા ઊભી કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહ તથા દેહ આશ્રિત પૌદ્ગલિક વસ્તુ માત્રનો નાશ કરવામાં અર્થાત્ એક અવસ્થાથી બીજી અવસ્થામાં પરિવર્તન કરવામાં પ્રધાનતા છે. અવિનાશી વસ્તુને કાળ કનડી શકતો નથી તો પણ વિનાશી વસ્તુઓની અપેક્ષાથી આત્મા જેવી અવિનાશી વસ્તુમાં પણ ઉત્પત્તિ તથા વિનાશ રહેલાં છે. જો કે આત્મા તથા આકાશ આદિ પદાર્થો સ્વરૂપથી તો અવિનાશી છે છતાં પરરૂપે તો વિનાશના આશ્રિત થાય છે. અને વિનાશી વસ્તુઓ તો કાળની કનડગતને લઇને સ્વરૂપથી જ વિનાશવાળી હોય છે, માટે બહિરંગ નિમિત્તરૂપ માનવીનો વાંક લઈ તેના ઉપર ક્રોધ કરવો ઉચિત નથી. દેહાભ્યાસી માનવીના દેહનું નુકશાન કરવાને બીજો માણસ પ્રવૃત્તિ કરે છે ત્યારે તેના ઉપર વધારે ક્રોધ આવે છે. અને સમય મળતાં સામેના માણસના પ્રાણ લેવાને તૈયાર થઇ જાય છે, પણ તે એક પ્રકારની અજ્ઞાનતા છે; કારણ કે દેહાભ્યાસને લઇને કરવામાં આવતા ક્રોધને લઇને ઉત્પન્ન થયેલી શત્રુતા અનેક જન્મોમાં દુઃખ આપનારી થાય છે. દેહનું નુકશાન થવાથી તેનાથી ભિન્ન આત્માનું કાંઇ પણ નુકશાન થતું નથી. આપણે ગમે તેટલો દેહને સાચવી રાખીશું તો પણ છેવટે તો કાળ અવશ્ય દેહનો નાશ કરવાનો જ છે, અને તેમાં કાંઇ ને કાંઇ નિમિત્ત તો આડું આવવાનું જ છે—પછી તે સચેતન હોય કે અચેતન હોય. મહાપુરુષોએ બહિરંગ નિમિત્ત ઉપર ક્રોધ ન કરતાં ક્ષમા ધારણ કરીને સ્વર્ગ તથા મોક્ષ મેળવ્યા છે, માટે આપણે પણ વસ્તુસ્થિતિના જાણકાર જ્ઞાની પુરુષોનું અનુકરણ કરીને અપરાધી માણસો ઉપર ક્રોધ ન કરવો જોઇયે. પણ તેમની અનુકંપા ચિંતવીને વસ્તુના વિનાશમાં કાળનો દોષ કાઢવો જોઇયે, જેથી આપણને કાંઇક શાંતિ મળશે.

કોઇ માનવી દ્વેષથી આપણા ઉપર ખોટો આરોપ મૂકે તો પણ તેમના ઉપર ક્રોધ ન કરતાં તેને ક્ષમા આપવી જોઇયે; કારણ કે કોઇના કહેવા માત્રથી તેમ બની શકતું નથી. કોઇ આપણને ચોર કે લુચ્ચો કહે તો આપણે વિચારવું જોઇયે કે આપણામાં તે અવગુણો છે કે નહીં. જો તે અવગુણો આપણામાં હોય તો દુર્જનતાથી કે ગમે તે આશયથી કહેનાર ઉપર માઠું ન લગાડતાં પોતે તે અવગુણોને કાઢી નાંખવા જોઇએ. અને તે અવગુણો જો આપણામાં ન હોય તો કહેનાર ઉપર ક્રોધ કરવાની આવશ્યકતા નથી; કારણ કે બીજાના કહેવા માત્રથી આપણે ચોર કે લુચ્ચા બની શકતા નથી. આવી જ રીતે બીજા પણ અવગુણોનો આરોપ મૂકે તો તેની ઉપેક્ષા જ કરવી જોઇયે; કારણ કે તે પોતાના દુર્જનપણાના સ્વભાવને લઇને બીજાના સદ્ભૂત ગુણોની પ્રશંસા સહન ન કરી શકવાથી દુઃખી થઇને દ્વેષબુદ્ધિથી તે ગુણોને અવગુણના રૂપમાં ફેરવવા બુદ્ધિનો દુરુપયોગ કરીને પોતાના જીવનને અધમ બનાવે છે માટે તે દયાનું પાત્ર છે.

માનવીની પ્રકૃતિમાં મિથ્યાભિમાન રહેલું હોવાથી આરોપ મૂકનાર ઉપર ક્રોધ કરે છે તેથી કાંઇ તેને આરોપ ગમતો નથી એમ નથી. આરોપ તો પ્રાયઃ સર્વને ગમે છે પણ જે બાબતનો આરોપ મૂકવામાં આવે છે તે જનતામાં દોષ-અવગુણરૂપે વખોડાયલી હોય છે—નિંદાયલી હોય છે. જેને સાંભળીને જનતા તેની તરફ તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે, નિંદા કરે છે માટે તેવા આરોપોથી માનવી ઉશ્કેરાઇ જઇને ક્રોધ કરે છે. જો કે આરોપ મૂકાયલી બાબત તેનામાં હોતી નથી તેમજ પોતે તેવો પણ થતો નથી તો પણ જનતામાં હલકા પડવાના ભયથી આવેશમાં આવી જાય છે. પરંતુ જો કોઇ ગુણોનો આરોપ મૂકે તો તે સાંભળીને બહુ જ રાજી થાય છે, ફૂલાય છે અને આરોપ મૂકનારનો સજ્જન તરીકે આદર-સત્કાર કરે છે; કારણ કે આરોપ મુકાયેલી બાબતને જનતા ગુણ તરીકે માને છે અને એવા ગુણી માણસનો બહુ જ આદરસત્કાર કરે છે. કેટલાક તો એવા ગુણો હોય છે કે જેને પ્રભુ તરીકે માને છે અને પૂજે છે; માટે જ ગુણોના આરોપની જ્ઞાની જીવો અધિક ચાહના રાખે છે. આરોપ માત્ર હોવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં પણ અર્થાત્ તેમનામાં ગુણનો અંશમાત્ર પણ ન હોય તો પણ, અત્યંત સંતોષ માનીને તે ગુણ મેળવવા જરાયે પ્રયાસ કરતા નથી; પણ ગુણોનો આરોપ કરાવવા અનેક પ્રકારના પ્રયાસ કરે છે, માટે આરોપ મૂકનારના ઉપર ક્રોધ કરવો અનુચિત છે.

આપણને અસહિષ્ણુતાથી ક્રોધ આવે છે; પણ તે એક બુદ્ધિની નિર્બળતાનું સૂચક છે; કારણ કે સંસારમાં માનવી જનતાને વખાણવા લાયક વસ્તુ મેળવે છે તેમાં પુન્ય સહાયક હોય છે. પોતાના પુન્યની ખામીને લઇને કદાચ તે વસ્તુ ન મળે તો તેમાં દૈવનો દોષ છે પણ સામેના માણસનો નથી માટે ક્રોધ કરવો હોય તો દૈવ પર કરવો જોઇએ કે જેણે તે વસ્તુઓથી આપણને વંચિત રાખ્યા અને ઇર્ષ્યા કરી ક્રોધ કરવાથી સામેના માણસનું કાંઇ બગડતું નથી તેમ જ આપણું કાંઇ સુધરતું નથી. સંપત્તિ, બુદ્ધિ, વિદ્યા અથવા એવી જ બીજી કોઇ પણ વસ્તુ જેની પાસે હોય છે તેનો આદર સત્કાર તથા પ્રશંસા જનતાનો મોટો ભાગ કરે છે તે જોઇને તથા સાંભળીને આપણને અણગમો થવાથી તેના ઉપર દ્વેષ રાખીયે છીયે અને કોઇક પ્રસંગે જનસમૂહ વચ્ચે તેનો વાંક કાઢી તેની સાથે કલહ કરીને અને વદ્દાતદ્દા બોલીને તેનું અપમાન કરીયે છીયે; પણ આવા આચરણથી જનતામાં આપણી જ હલકાઇ થાય છે માટે વિધિના વિલાસનો વિચાર કરીને ઇર્ષ્યાથી થતા ક્રોધને અટકાવવો જોઇએ.

ક્રોધને ઉત્પન્ન કરવાના મમતા અને મિથ્યાભિમાન આ બે ખાસ કારણો છે, સંસારમાં ભ્રમણ કરનાર પ્રાણિયોમાં કોઇક જ જીવ એવો હશે કે જે આ બંનેથી કલંકિત ન થયો હોય. પ્રાયઃ કરીને સંસારવાસી જીવ માત્રમાં પછી તે ત્યાગી હોય કે ભોગી હોય, ઓછાવત્તા પ્રમાણમાં મમતા અને મિથ્યાભિમાન રહેલાં જ હોય છે. જ્યાં સુધી માનવી આ બંને દુર્ગુણોનો દાસ છે ત્યાં સુધી તે આત્મિક ગુણ મેળવવાનો અધિકારી નથી. પછી તે ભલે જનતામાં શાંતમૂર્તિ, આત્માનંદી, પરમયોગી, આધ્યાત્મિક આદિ વિકાસી પુરુષોના ગુણોનું માન મેળવવા પૂજનો કેમ ન હોય, પોતાનું કાંઇપણ સુધારી શકતો નથી. માયાનો વ્યસની અજ્ઞાત જનતામાંથી આત્મિક ગુણ સિવાય ધારે તે મેળવી શકે છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમવાળા જીવો સંસારમાં ઘણાયે મળી આવે છે, અને તેઓ ઘણી ભાષાઓ જાણીને તથા અનેક વિષયોના પુસ્તકો વાંચી સંભળાવી-સમજાવીને તેમજ બુદ્ધિબળથી અનેક પ્રકારના આવિષ્કારો કરીને બહિરાત્મ દશામાં વિચરતી દુનિયાને આશ્ચર્યમુગ્ધ બનાવી શકે છે, છતાં મોહ રાજાના મમતા અને મિથ્યાભિમાનરૂપ મહાન યોદ્ધાઓનો પરાજય ન કરવાથી ભાવી ભવોનું ભ્રમણ ટાળી શકતા નથી તેમજ ભાવીમાં પ્રાપ્ત થનાર જ્ઞાન, બુદ્ધિ, ડહાપણ આદિની દરિદ્રતા દૂર કરી શકતા નથી; કારણ કે તે કષાયથી છૂટી શકયા નથી.

ઘણા માણસોને આપણે વસ્તુઓનો વિનાશ કરતાં જોઇયે છીયે તેમજ બીજાઓને ગાળ દેતાં તથા કૂડાં આળ ચઢાવતાં સાંભળીયે છીયે તો પણ તેમના ઉપર આપણે ક્રોધ કરતા નથી તેનું કારણ એ છે કે-તે વસ્તુઓ ઉપર આપણો મમત્વ ભાવ નથી. જ્યાં મારાપણું હોય છે ત્યાં જ ક્રોધ આવે છે. માટે જ મમતાનો ત્યાગ કરવો જોઇએ અને સમતાનું સેવન કરવું જોઇયે કે જેથી કરીને ક્રોધને અવકાશ મળી શકશે નહીં અને અશાંતિના ઉપદ્રવથી બચી જવાશે.

ગર્વથી ગાંડા બનેલાને તો નજીવી બાબતોમાં પણ ક્રોધ આવી જાય છે; કારણ કે ગર્વિષ્ઠ માણસો પોતાને બુદ્ધિશાળી, ડાહ્યા અને સમજુ માને છે. એટલા માટે તેમની કાંઇ ભૂલ થતી હોય ને કોઇ જણાવે તો તેમને તરત ક્રોધ આવી જાય છે; કારણ કે તેઓની એવી માન્યતા હોય છે કે અમે કોઇ પણ કામમાં ભૂલ કરી શકતા જ નથી. આ પ્રમાણે માનવું તે જ તેમની એક મોટી ભૂલ છે. આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ પોતાની બિનઆવડત ઉઘાડી પડવાના ભયથી અને બીજાને આવડત વગરના માનવાથી કોઈ પણ કામમાં બીજાની સલાહ લેતો નથી એટલા માટે જ તે ભૂલે છે, જ્યારે તે ભૂલ બીજાની જાણમાં આવતાં તેને સુધારવાની સૂચના કરે છે ત્યારે તરત ગુસ્સે થઈ જાય છે અને પોતે જે કાંઈ કર્યું છે તે ઠીક જ છે એમ જણાવવા પ્રયાસ કરે છે; અને કરેલા પ્રયાસમાં નિષ્ફળતા મળે છે ત્યારે બમણો ક્રોધે ભરાય છે; પણ મિથ્યાભિમાનથી મુંઝાયલો હોવાથી વિચાર કરી શકતો નથી કે એક માણસ બધીયે બાબતોમાં કુશળ હોતો નથી. કુશળતાવાળા કાર્યમાં પણ ભૂલ થવી સંભવે છે; કારણ કે માનવી ભૂલને પાત્ર છે. તો મારે બીજાએ બતાવેલી ભૂલને સુધારી લેવી જોઈયે અને તેનો ઉપકાર માનવો જોઈયે; કારણ કે તે મારામાંથી ભૂલને કાઢે છે પણ નાંખતો નથી માટે મારે તેના ઉપર ક્રોધ કરવો ઘટે નહીં. આ ઉપાયોથી ક્રોધનો વ્યાધિ શાંત થઈ શકે છે અને માણસ સુખ-શાંતિમય જીવન વ્યતીત કરીને પરિણામે કષાયો ઉપર વિજય મેળવી પરમપદ પ્રાપ્ત કરી શકે છે.

---

# સંક્ષિપ્ત બોધવચનમાળા

લેખક૦ આ૦ **શ્રી વિજયપદ્મસૂરિ**

ગતાંક પૃષ્ઠ ૧૨૭ થી શરુ

૩૨. વડુ એ એક ખાવાની ચીજ છે, તેને બનાવવામાં જેમ અનેક જાતની મુશ્કેલીઓ વેઠવી પડે છે, તેમ (વડા) મોટા થવામાં પણ ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે.

૩૩. કાંણો માણસ ભાગ્યે જ સારો હોય, મધના જેવી પીળી આંખવાળો માણસ ભાગ્યે જ દાતાર હોય, તેવા ઘણાં માણસો પ્રાયે કંજૂસ હોય છે, બોખર દંતાઓમાં ભાગ્યે જ કોઈ મૂર્ખ હોય, જેના માથે સ્વાભાવિક તાલ હોય તેવા માણસોમાં ભાગ્યે જ કોઈ નિર્ધન હોય. કહ્યું છે કે-કાંણિયા નર કોક સાધુ, કોઇક દાતાર પિંજરા; બોખરદંતા કોઇક મૂર્ખા, કોઈક નિર્ધન તાલિયા.

૩૪. ઠીંગણા માણસમાં સાઠ દોષ, ને મધુ-પિંગલમાં (જેની આંખ મધના જેવી પીળી હોય, તેમાં) એંશી દોષ, તથા ટુંટમુંટમાં સો દોષ હોય, ને કાંણામાં કેટલા દોષ હોય તે ગણી શકાય નહિ, કહ્યું છે કે—**षष्ठिर्वामनके दोषा, अशीतिर्मधुपिंगले ॥ शतं च टुंटमुटेषु, काणे संख्या न विद्यते ॥१॥** સાઠ દોષ વામન વિષે, મધુપિંગલમાં એંશી, ટુંટમુંટમાં સો કહ્યા, કાણે ગિનતી કેસી.

૩૫. આંધળો, લુલો ને કાંણો આ ત્રણની સોબત કરવી નહિ.

૩૬. ત્યાગી સાધુઓને જેવું સુખ હોય તેવું સુખ ઈંદ્રને પણ ન હોય, ને ચક્રવર્તિને પણ ન હોય. કહ્યું છે કે—**नैवास्ति देवराजस्य, तत्सुखं नैव राजराजस्य ॥ यत्सुखमिहैव साधो-र्लोकव्यापाररहितस्य ॥१॥**

૩૭. જેમના હૃદયમાં તલભાર પણ રાગ-મદ-મોહ નથી, તેવા સાધુપુરુષો ભલેને ઘાસના સંથારા ઉપર બેઠા હોય, છતાં તેમને જે ત્યાગનો આનંદ હોય, તે ચક્રવર્તિને પણ ક્યાંથી હોય? અર્થાત્ ન જ હોય. કહ્યું છે કે—**तणसंथारनिषण्णोऽवि, मुणीवरो तट्ठरागमयमोहो। जं पावइ मुत्तिसुहं, कत्तोतं चक्कवट्टीवि ॥१॥**

૩૮. મોહરાજાના ગુલામ બનેલા જીવો એમ માને છે કે વિષયો એ પરિતોષને આપે છે, પણ છેવટે જ્યારે કિંપાક ફળના ખાવાની માફક ભયંકર પીડા ભોગવવી પડે છે, ત્યારે તેઓ બહુ જ પસ્તાય છે; પણ તેથી શું વળે? પહેલાં ન ચેતે તેની આ જ દશા થાય. કહ્યું છે કે—**यद्यपि निषेव्यमाणा, मनसो परितुष्टिकारका विषयाः ॥ किंपाकफलादनवद्, भवंति पश्चाददितुरंताः ॥१॥**

૩૯. મોટાનું અનુકરણ નાનાથી કરાય નહિ. શું મોરનું અનુકરણ કૂકડો કરે તે ઠીક ગણાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૦. જેમણે મદ અને વિષયવાસનાનો નાશ કર્યો છે, તથા મન, વચન, કાયાના વ્યાપારમાં જેઓ નિર્વિકારી હોય અને પરવસ્તુની નિવૃત્તિ કરે, તેમને અહીં જ મોક્ષ છે, એમાં સંદેહ લગાર પણ નથી. કહ્યું છે કે—

**निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानां।
विनिवृत्तपराशानां इहैव मोक्षो न संदेहः॥१॥**

# આત્મા સાથે કર્મના પુદ્ગલો-નો સંબંધ અને બંધનમુક્તિ

**મુનિ પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક )**

**આત્મા** પોતાનું ભાન ભૂલી, પોતાના સ્વભાવમાંથી મનવડે, વચનવડે અને શરીરવડે રાગદ્વેષવાળી પ્રવૃત્તિ કરે છે તે વખતે લોઢું જેમ લોહચુંબક તરફ આકર્ષાય છે તેમ આ જગત્‌માં સર્વત્ર ભરેલા પુદ્ગલ પરમાણુઓમાંથી પોતાની લાગણીને લાયકનાં પુદ્ગલો પોતા તરફ આકર્ષે છે અને તીવ્ર કે મંદ લાગણીના પ્રમાણમાં તે પુદ્ગલોનું આત્મપ્રદેશ સાથે જોડાણ કરે છે.

આ રાગદ્વેષવાળી લાગણીઓના ચાર વિભાગો પડે છે. એક વિપરીત પ્રવૃત્તિવાળી લાગણી જેને મિથ્યાત્વ કહેવામાં આવે છે, તેને લઇને જે વસ્તુ આત્મા નથી, તેમાં આત્માની લાગણી થાય છે. જે વસ્તુ અનિત્ય છે, અસાર છે તેમાં નિત્યપણાની, સારપણાની લાગણી થાય છે. અપવિત્રમાં પવિત્રપણાની લાગણી થાય છે. આ મિથ્યાત્વની લાગણી આત્મભાન બહુ જ ભુલાવે છે અને પુદ્ગલ જે જડ પદાર્થો છે તે દેહાદિમાં સત્યતાની, નિત્યતાની, સારપણાની ને પવિત્રતાની બુદ્ધિ ધારણ કરાવે છે. સત્ય નિત્ય, સારભૂત અને પવિત્ર તો આત્મા જ છે તેને બદલે જડ પદાર્થમાં તેવી લાગણી અને પ્રવૃત્તિ થવી તેને **મિથ્યાત્વ** કહે છે.

પુદ્ગલોનો આત્મા સાથે સંબંધ જોડનાર બીજી લાગણી 'અવિરતિ' નામની છે. અવિરતિનો ટૂંકો અર્થ ઇચ્છાઓને છૂટી મૂકવી. આત્માની શક્તિ મેળવવાની ઇચ્છાને બદલે પુદ્ગલો મેળવવાની ઇચ્છા કરવી, આત્મશક્તિનો ઉપયોગ આત્માના આનંદ માટે ન કરતાં, પુદ્ગલો મેળવવા અને પુદ્ગલોના સુખ ભોગવવા માટે કરવો, ઇન્દ્રિયોના વિષયોને જ પોષણ મળે તે તરફ આત્મશક્તિના ઉપયોગને વહેવરાવ્યા કરવો તે **અવિરતિ** તેથી પુદ્ગલોનો આત્મા સાથેનો સંબંધ વધારે વધતો જાય છે.

આત્મા સાથે કર્મના પુદ્ગલોનો સંબંધ વધારનાર ત્રીજી લાગણી કષાયોની છે. ઇન્દ્રિયોને પોષણ આપવા-વિષયો મેળવવા માટે ક્રોધનો, માનનો, માયાનો અને લોભનો ઉપયોગ કરવામાં આવે છે; આ ચારને કષાય કહે છે. કોઇ પ્રસંગે આ વિષયો મેળવવા માટે તો કોઇ વખતે તેનું રક્ષણ કરવા માટે અથવા પોતાના કે પરના પ્રસંગમાં આ ચાર કષાયોમાંથી કોઇ પણ કષાયવાળી લાગણીની મુખ્યતા હોય છે. આ કષાયવાળી લાગણીઓ પુદ્ગલોનો આત્મા સાથે સંબંધ વિશેષ દૃઢ કરાવે છે અને ટકાવી રાખે છે.

ચોથી લાગણી કર્મ પુદ્ગલોનો સંબંધ જોડનારી મન, વચન, શરીરના પ્રવૃત્તિની છે. તે લાગણી રાગ ઉત્પન્ન કરાવીને કે દ્વેષ કરાવીને પોતાને માટે કે પરને માટે પણ તે ત્રણ મનાદિ યોગની પ્રવૃત્તિ પુદ્ગલોનો સંચય કરાવે છે. તે પુદ્ગલો શુભ પણ હોય અને અશુભ પણ હોય છતાં બન્ને બંધનરૂપ તો છે જ.

આ ચાર પ્રયત્નોમાં મિથ્યાત્વની લાગણી સર્વ કરતાં પુદ્ગલોનો આત્મા સાથે વિશેષ સંબંધ કરાવે છે અને ટકાવી પણ રાખે છે. ખરી રીતે જોઇએ તો માલમ પડશે કે જેમ ઝાડને ટકાવી રાખનાર અને પોષણ આપનાર જેમ તેનાં મૂળ છે, તેમ કર્મોને ટકાવી રાખનાર અને પોષણ આપનાર આ મિથ્યાત્વની લાગણી છે. મિથ્યાત્વની લાગણી ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો અવિરતિ–ઇચ્છાની લાગણી તેથી ઓછો કર્મ સંગ્રહ કરાવે છે. મિથ્યાત્વ અને અવિરતિ તે બન્ને લાગણી ન હોય તો કષાયની લાગણી તેથી પણ ઓછો સંગ્રહ કરાવે છે અને ઉપરની ત્રણે લાગણી ન હોય તે પ્રસંગે મન આદિ ત્રણની લાગણી ઘણો જ થોડો કર્મબંધ કરાવે છે. આ ઉપરથી એ સ્પષ્ટ જણાય છે કે આત્મભાન ભૂલવું તે **'મિથ્યાત્વ'** ઇચ્છાઓને કાબૂમાં રાખવાનો નિયમ ન કરવો તે **'અવિરતિ'** રાગદ્વેષવાળી પ્રવૃત્તિ તે **કષાય** અને મન, વચન શરીરની સામાન્ય પ્રવૃત્તિ તે **'યોગ'** કોઇ વખતે એક, કોઇ વખતે બે, કોઇ વખતે ત્રણ અને કોઈ પ્રસંગે ચારે જાતની લાગણીઓ એક સાથે હોય છે.

આ ચાર કારણોવડે ગ્રહણ કરાયેલાં કર્મ પુદ્ગલોનો આત્માની સાથે સંબંધ થાય છે. તે સંબંધ તે તે કારણોવડે વૃદ્ધિ પામે છે અને નિમિત્તની પ્રબળતાથી લાંબા વખત સુધી ટકી રહે છે.

( ચાલુ )

# [1]સંસારમાં સારભૂત.

લે૦ સંવિજ્ઞપક્ષ મુનિ શ્રી પુણ્યવિજયજી.

પ્રસ્તુત ચાર કારણોથી આત્મા સાથે બંધાતા કર્મપુદ્ગલોને તેના વિરોધી આ ચાર કારણોથી દૂર કરી શકાય છે.

**બંધનમુકતતા**—અજ્ઞાનદશામાં આત્મા પોતાની શકિતનો ઉપયોગ રાગદ્વેષ સાથે કરે છે. એ કારણથી આત્મા અને કર્મપુદ્ગલોનો સંબંધ ટકી રહે છે. તે કારણોને દૂર કરવાથી કર્મપુદ્ગલોનો સંબંધ છૂટી જાય છે. તેનું નામ કર્મબંધથી મુકિત છે.

આત્મા જે વસ્તુ છે તેને તે રૂપે જાણવી અર્થાત્ સતને સતરૂપે જાણવું તે મિથ્યાત્વનું વિરોધી **સમ્યગ્દર્શન** છે. આત્મા નિત્ય છે, સત્ય છે, પવિત્ર છે, આનંદ સ્વરૂપ છે એને બરોબર સમજવાથી અને પ્રવૃત્તિના સર્વ પ્રસંગોમાં તે જ્ઞાન ટકાવી રાખવાથી મિથ્યાત્વથી આવતાં કર્મપુદ્ગલો અટકી જાય છે. આ સત્યનો પ્રકાશ પ્રબળ થતાં વિવિધ પ્રકારની માયિક ઇચ્છાઓ ઓછી થઇ જાય છે. અને જે ઇચ્છા થાય છે તે પોતાને પરને આનંદરૂપ થાય તેવી થાય છે. તેમ થતાં **અવિરતિ** નામની કર્મ સંબંધ ટકાવી રાખનાર બીજી લાગણીથી આવતાં કર્મો પણ અટકી જાય છે.

આત્મા તરફ જેમ જેમ પ્રેમ વધતો જાય છે તેમ તેમ ઇચ્છાઓ પણ આત્માને પોષણ મળે તેવી જ થાય છે, તેને લઇને ક્રોધ, માન, માયા અને લોભની પ્રવૃત્તિ પણ મંદ થઇ જાય છે; કેમકે પુદ્ગલો મેળવવાની ઇચ્છા માટેજ ક્રોધાદિનો ઉપયોગ કરવો પડે છે તે ઇચ્છાઓ બંધ થતાં ક્રોધાદિની પ્રવૃત્તિ પણ અટકી જ પડે અને કષાયની પ્રવૃત્તિ મંદ થતાં તે પ્રસંગે ગમે તેટલી મન, વચન, શરીરની પ્રવૃત્તિ હોય છતાં તે નિરસ હોવાથી કર્મપુદ્ગલોને આકર્ષવાનું બળ તેમાંથી ઓછું થઇ ગયેલું હોય છે, તેથી આત્માનો કર્મપુદ્ગલો સાથેનો સંબંધ ઓછો થતો જાય છે, અને પૂર્વે જે અજ્ઞાનદશામાં સંબંધ બાંધેલો હોય છે તે આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવાથી તથા વર્તમાન કાળે અનુભવ કરી લેવાથી સત્તામાં રહેલા કર્મો પણ ઓછા થતાં જાય છે. આ સર્વ કહેવા ઉપરથી એ નિર્ણય થયો કે મિથ્યાત્વવાળી અજ્ઞાનદશાથી આવતાં કર્મપુદ્ગલો સમ્યગ્દર્શનથી રોકાય છે ૧, અવિરતિ–ઇચ્છાઓથી આવતાં કર્મપુદ્ગલો ઇચ્છાનો નિરોધ કરવારૂપ વિરતિથી રોકાય છે ૨, ક્રોધ, માન, માયા, લોભથી આવતાં કર્મપુદ્ગલો ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષથી રોકાય છે ૩, અને મન, વચન, શરીરથી આવતાં કર્મપુદ્ગલો મનાતીત, વચનાતીત, કાયાતીત રૂપ આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવાથી રોકાય છે ૪.

આવતાં કર્મને રોકવા તેને **'સંવર'** કહે છે. પૂર્વના સત્તામાં જે કર્મો હતાં તેને શરીરાદિવડે ભોગવી લેવાથી અને આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળ આપવાના સ્વભાવથી વિખેરી નાખવામાં આવે છે, તેને 'નિર્જરા' કહે છે. આ પ્રમાણે મહેનત કરવાથી કર્મપુદ્ગલોનો આત્મા સાથેનો સંબંધ તોડી શકાય છે, યા છૂટો કરી શકાય છે, દેહમાં કે ભવમાં ટકાવી રાખનાર આ સર્વ કર્મોનો આત્મપ્રદેશ સાથેનો સંબંધ સર્વથા છૂટો થવો તેનું નામ બંધનમુક્તતા અર્થાત્ મોક્ષ છે.

આ કર્મોના આવરણો દૂર થવાથી આત્માની અનંત શકિતઓ પ્રગટ થાય છે, જેમ આંખ પાસેના અમુક ભાગના આવરણો ખસી જવાથી આંખથી ઘણા દૂરના પ્રદેશ પર્યંત જોઇ શકીએ છીએ, તો પછી આત્માના તમામ પ્રદેશ ઉપરથી આ શકિતઓને રોકનાર કર્મપુદ્ગલો નીકળી જાય તો આત્માની અનંત શકિતએ પ્રગટ થાય તેમાં આશ્ચર્ય શું ?

આ પ્રમાણે આત્મા સાથેનો કર્મપુદ્ગલોનો સંબંધ તૂટી જાય છે અને તે તોડવા માટે જ ત્યાગ, વૈરાગ્ય, ધર્મ વિગેરેની જરૂરિયાત મહાન્ સદ્ગુરુઓએ સ્વીકારી છે.

( ગ્રંથાધારે લીધેલ સદર લેખનું વાસ્તવ સ્વરૂપ દર્શાવવામાં કોઇ ભૂલચૂકને સ્થાન હોય તો વિદ્વજ્ જનોએ સુધારી ક્ષન્તવ્ય લેખવા વિજ્ઞપ્તિ છે. )

---

# ભલા થઇને ભલું કરજો.

( રાગ–ગઝલ )

વખત સરખા નથી સહુના, સદા તડકા અને છાંયા;
સમય આવ્યો જરૂર વ્હાલા, **ભલા થઇને ભલું કરજો.** ૧
દયાને નેત્રમાં નાખી, હૃદયમાં રહેમને રાખી;
કહેલા કુવચનો સાંખી, **ભલા થઇને ભલું કરજો.** ૨
ભલા છો તો ભલું કરજો, બૂરું થાવા નહીં દેજો;
તમારા દુશ્મનોનું પણ, **ભલા થઇને ભલું કરજો.** ૩
કરેલાં કર્મયોગેથી, રીબાયે કોઇ રોગેથી;
તમારે આશરે આવ્યો, **ભલા થઇને ભલું કરજો.** ૪
ભલું કરતાં કદી તમને, ગમે તેવા પડે દુ:ખો;
છતાં બધું એ સહન કરીને, **ભલા થઇને ભલું કરજો.** ૫
ખીલ્યા પુષ્પો ખરી જાશે, જન્મ તેનું મરણ થાશે;
ઉદયનો અસ્ત તો થાશે, **ભલા થઇને ભલું કરજો.** ૬
કહું છું વાત એ વ્હાલા ! ભલાઇ તો તમો કરજો;
કહે **લક્ષ્મીસાગર** પ્રેમે, **ભલા થઇને ભલું કરજો.** ૭

રચયિતા—**મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી.**

---

# આધ્યાત્મિક ઉન્નતિ.

અનુ. **અભ્યાસી.**

આ સંસારની જુદી જુદી રચનાનું અવલોકન કરતાં આપણને જીવોની જુદી જુદી શ્રેણીઓ દષ્ટિગોચર થાય છે. પ્રથમ, જડ જીવ, જેની અંદર ચેતનાનો એટલો અભાવ પ્રતીત થાય છે કે ઘણા લોકો એને જીવ–સંજ્ઞાનું પણ પ્રદાન કરતા નથી. સાધારણ દષ્ટિથી જોતાં તેનામાં જ્ઞાન, ભાવ તથા ક્રિયા–ત્રણેનો અભાવ હોય છે. બીજા, વનસ્પતિ, જેની અંદર ચેતનાના કેટલાક ચિહ્નો જોવામાં આવે છે, તેના ઉત્પત્તિ, વૃદ્ધિ તથા નાશ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. સૂવું તથા જાગવું, વગેરે ભેદ અને સુખદુ:ખની પ્રતીતિ–એ વાતોનું પ્રમાણ પણ વિશેષરૂપે જોઇએ છીએ. ત્રીજા પશુ, એની અંદર કંઇક વધારે ચેતનાનાં ચિહ્ન જોવામાં આવે છે. શત્રુ–મિત્રનો ભેદ, રસ્તાનું જ્ઞાન, ક્રોધ, પ્રેમ તથા વાત્સલ્યાદિ ભાવ એનામાં વિદ્યમાન હોય છે. પશુ ક્રુદ્ધ તથા પ્રસન્ન થઇ શકે છે, તેમજ સંયોગ વિયોગ તેમને માટે ઘણા જ અસરકારક હોય છે. ક્રિયામાં પશુઓ વનસ્પતિ જગત કરતાં પણ ચઢિયાતા હોય છે. એ માટે પ્રમાણની અપેક્ષા નથી. ચોથું, મનુષ્ય. જ્ઞાન, ભાવ તથા ક્રિયામાં મનુષ્યો પશુઓ કરતાં ખૂબ જ વધારે આગળ વધેલા છે એ વાત નિર્વિવાદ સિદ્ધ છે. આ ચાર શ્રેણિઓ સિવાય કેટલીક સૂક્ષ્મ શ્રેણિયો જીવોની છે તેનો આપણે વિચાર નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીએ. આપણે જે વિષયમાં કોઇને લેશ પણ સંદેહ નથી હોતો તેના આધારે વિચારોને આશ્રિત કરશું.

ચૈતન્ય અથવા ચેતના આપણને ત્રણ રીતે અભિવ્યક્ત થતી જણાય છે. જ્ઞાનશક્તિ, ભાવશક્તિ તથા સંકલ્પશક્તિ અથવા ક્રિયાશક્તિ. ચૈતન્યની ઉપસ્થિતિ આપણે આ ત્રણની ઉપસ્થિતિદ્વારા જાણી શકીએ છીએ. એ સિવાય બીજો કોઇ ઉપાય આપણી પાસે નથી. જેની અંદર એ ત્રણ લક્ષણોની વધારે માત્રા જોઇએ છીએ તેને આપણે વધારે ચેતન કહીએ છીએ અને જેની અંદર ઓછી હોય છે તેને કર્મચેતન અથવા અપેક્ષાકૃત જડ કહીએ છીએ. આ કસોટીથી આપણે એટલું જોઇએ છીએ કે વનસ્પતિલોક, પશુજગત્ તથા મનુષ્ય વર્ગ ક્રમશઃ અધિકાધિક ચેતન છે. ચૈતન્યની અભિવ્યક્તિમાં મનુષ્ય સર્વશ્રેષ્ઠ છે.

ઉપરના વર્ણનથી એટલું તો સ્પષ્ટ છે કે એ ચાર શ્રેણિઓમાં આપણે ચેતનાની ક્રમશઃ વધતી જતી અભિવ્યક્તિ જોઇએ છીએ. એ ચેતના કે જેણે સંકલ્પ કર્યો હતો કે **एकोऽहम् बहुस्याम् प्रजायेम.** તે જડ આવરણને ગ્રહણ કરીને પૂર્ણરૂપે છુપાઇ ગઇ હતી તે આ પાત્રમાં ધીમે ધીમે અભિવ્યક્તિના રસ્તે આગળ વધતી જોવાય છે અને મનુષ્યમાં તે ઉચ્ચતા સીમાએ આવી પહોંચી છે.

આ ચૈતન્યની અભિવ્યક્તિ અથવા વિકાસની સાથોસાથ આકૃતિનો વિકાસ થાય છે અને એ સ્વાભાવિક જ છે. અભિવ્યક્તિના સાધન છે. ઇંદ્રિયો (જ્ઞાનની તથા કર્મની) તથા મન અને બુદ્ધિ માનસિક ચૈતન્ય (જ્ઞાન, ભાવ તથા ક્રિયા) ને વાનરની ઇન્દ્રિયો, મન અને બુદ્ધિથી પ્રકટ કરવાનું અસંભવિત છે, એ જ રીતે પાશવી ચૈતન્યને વાનસ્પતિ શરીરદ્વારા પ્રકટ નથી કરી શકતું. એથી ઊલટું જો પાશવિક ચૈતન્યને મનુષ્ય શરીરથી અભિવ્યક્ત કરવામાં આવે તો બધી ઇન્દ્રિયો, મન તથા બુદ્ધિની શક્તિઓનો ઉપયોગ નહિ કરી શકાય. એટલા માટે કુદરતી રીતે જ જે જે ઇન્દ્રિયની આવશ્યક્તા હોય છે તે યોગ્ય સમયે પ્રકટ થઇ જાય છે. સાથોસાથ શરીરનું સંસ્થાન તથા આકૃતિભેદ પણ થઇ જાય છે.

જડવાદનું પ્રતિપાદન કરનાર તથા આધુનિક વિજ્ઞાનવેત્તાઓ વિકાસવાદને માને છે. આકૃતિ તથા ઇન્દ્રિયોના વિકાસના કારણો શોધી કાઢવામાં તથા વિકાસના નિયમો નક્કી કરવામાં તેઓનો વિશેષ પ્રયાસ છે. તેઓના અન્વેષણનું ક્ષેત્ર પણ તે જ છે. આધ્યાત્મિક દૃષ્ટિકોણથી એમાં આપત્તિને કોઇ અવકાશ નથી. એનાથી આપણે કેવળ એટલું વધારે માનીએ છીએ કે બાહ્ય કારણોથી જ વિકાસ નથી થઇ શકતો. તેનું ખરૂં કારણ તો કોઇ બીજું જ છે. અભિવ્યક્તિથી ચેતનાનો ધર્મ છે, તેનો સ્વભાવ છે, તે જ તેવી નૈસર્ગિક લીલા છે. ચૈતન્ય છૂપું નથી રહી શકતું. પ્રકૃતિના અચેતન પડદાને ફાડી નાખીને ઘનઘોર ઘટાઓને ચીરીને પ્રકટ થતાં સૂર્યની માફક ચેતન પણ અભિવ્યક્ત થાય છે. એ અભિવ્યક્તિ નિર્વિશેષ ચેતનમાં વિશેષતા લાવે છે. એ એક જ બહુરૂપી, બહુમુખી, બહુજ્ઞાની, ભાવક્રિયાસંપન્ન બનીને અનેક થઇ જાય છે એ પૂર્ણતા જે એના ગર્ભમાં છૂપાઇ હતી તે અનેકરૂપે પ્રકટ થાય છે. એ ચૈતન્યની સંપૂર્ણ અભિવ્યક્તિ આપણને અનેકરૂપે પૂર્ણ કરવા ચાહતી હોય છે. એ ભાગવતી શક્તિની મહામાયાની ક્રિયા છે. તેના પ્રતાપથી જ આ વિશ્વના અણુ–અણુ, સૂક્ષ્મ–સ્થૂળ, જડ–જંગમ પ્રાણિ માત્ર સંપૂર્ણ અભિવ્યક્તિના સાગર તરફ ખેંચાઇ રહેલ છે. વ્યક્તિ તેમજ સમષ્ટિ વિકાસપંથે આગળ વધ્યે જાય છે.

એ વિકાસ તો થઇ રહ્યો છે, પણ તેની ગતિ ઘણી જ મંદ છે. મનુષ્યયોનિ મેળવ્યા પહેલાં ચોરાશી લાખ યોનિમાંથી આપણું ક્રમાવરોહણ સ્વયમેવ થઇ ગયું. એને માટે આપણે કશું કર્યું નથી. મનુષ્યયોનિમાં આપણને પહેલેથી જ એટલું બળ પ્રાપ્ત થયું કે આપણે પૂર્ણત્વની પ્રાપ્તિ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યત્ન કરવા લાગ્યા. એ પૂર્ણત્વ તો મળવાનું જ. કોઇ માનુષી, આસુરી કે દૈવી શકિત એને હંમેશને માટે રોકી નથી શકતી. કેવળ એના આગમનને વિલંબિત કરી શકે છે. જે વ્યકિત પ્રયત્નશીલ હોય છે તે એ અવસ્થા જલ્દી લાવી શકે છે. એને માટે સર્વ સાધનોની ઉપયોગિતા છે. એ જ આધ્યાત્મિક ઉન્નતિ છે અને એ જ છે મનુષ્ય–જીવનનો ઉચ્ચતમ ઉદ્દેશ.

હવે પ્રશ્ન થાય છે કે એ પૂર્ણત્વનું સ્વરૂપ શું છે?

આપણે જોઈ લીધું છે કે જ્ઞાન, ભાવ તથા સંકલ્પ શકિતએ જડ, વનસ્પતિ તથા પશુ લોકથી ક્રમશઃ વિકાસ પામતી પામતી મનુષ્યમાં એક સીમા પ્રાપ્ત કરી છે. એ ચૈતન્યના વિકાસની છેલ્લી સીમા નથી, તેની ભૂમિકા માત્ર છે. એ આધાર પર આધ્યાત્મિક વિકાસના વિશાળ ભવનનું નિર્માણ થાય છે. ત્યાંથી વિકાસક્ષેત્ર અતિમાનુષી અથવા દિવ્ય થઈ જાય છે.

આનું શું પરિણામ આવે છે તેનો હવે આપણે વિચાર કરીશું. જ્ઞાનશકિતનો આધાર જ્ઞાનેન્દ્રિયો તથા બુદ્ધિ છે. (બુદ્ધિમાં આપણે સંસ્કારગ્રાહી મનનો પણ સમાવેશ કરી લઇએ છીએ) આધ્યાત્મિક વિકાસના ફલસ્વરૂપ ઇન્દ્રિયોનું ક્ષેત્ર સીમાતીત થઇ જાય છે. સાધારણ વ્યકિતની ઇન્દ્રિયો માત્ર સ્થૂળ લોક અને પ્રત્યક્ષ પદાર્થોને જ પ્રતીત કરી શકે છે. વિકાસિત થતાં આપણને દિવ્ય ઇન્દ્રિયો પ્રાપ્ત થાય છે તેની ગતિ સૂક્ષ્મ લોકમાં પણ અબાધિત હોય છે અને દેશ તથા કાળનું અંતર એને માટે નગણ્ય હોય છે.

માનુષિક બુદ્ધિ અનુમાનદ્વારા નિર્ણય કરવાનો પ્રયત્ન કરે છે. ઇન્દ્રિયો દિવ્ય થાય છે ત્યારે આપણાં અનુમાન પહેલાંની અપેક્ષાએ કંઇક વધારે સાચાં બને છે. ખરી રીતે આધ્યાત્મિક ઉન્નતિની સાથે સામાન્ય પ્રકારની તર્કબુદ્ધિ શાંત થઈ જાય છે અને તેનું સ્થાન આધ્યાત્મિક સ્ફુરણા લઈ લે છે. આપણને સીધું જ્ઞાન જ થવા લાગે છે. આપણે કોઇ વિષયમાં જાણવું હોય છે તો સત્ય સંકલ્પ ઉચિત થાય છે. વચ્ચેની બધી ક્રિયા લુપ્ત થઇ જાય છે. આપણું જ્ઞાન અચૂક તથા નિશ્ચયાત્મક થવા માંડે છે. આ બુદ્ધિગત પરિવર્તન ધીમે ધીમે છેલ્લી હદ સુધી પહોંચી જાય છે.

મન અથવા હૃદયને આપણે ભાવનાઓનું સુખ-દુઃખ, રાગદ્વેષ, કામક્રોધ, પ્રેમસેવા, વાત્સલ્ય, સહાનુભૂતિ વગેરેનું કેન્દ્ર માન્યું છે. આધ્યાત્મિક વિકાસથી એવો પણ કામકલ્પ થઈ જાય છે. મનોમય કોશના સંશોધનના ફળસ્વરૂપ તામસી તથા રાજસી સ્પન્દનનો ઉદ્ભવ અસંભવિત બની જાય છે અને તેનું સ્થાન સાત્ત્વિક ભાવ લઇ લે છે. કામક્રોધાદિ વૃત્તિઓ શાંત થઇ જાય છે. પ્રેમ, સેવા, નિસ્વાર્થ ભાવાદિનું અકંટક અક્ષોભ્ય સામ્રાજ્ય આપણાં હૃદયમાં બની જાય છે, જેને લઇને શત્રુ મિત્ર બનવા લાગે છે. વ્યકિત કેન્દ્ર બની જાય છે.

પહેલાં મનને સામાન્ય સુખ તથા દુઃખની પ્રતીતિ થતી હતી. મને સુખ દુઃખની અસર થતી હતી. પોતાની સ્વાભાવિક સ્થિતિ ખોઇ બેસતું હતું. આધ્યાત્મિક વિકાસના ફલસ્વરૂપ તેનામાં એક જાતની અલૌકિક સ્થિરતા આવી જાય છે. પ્રયત્ન કરવા છતાં પણ તેને સામાન્ય પ્રતીતિ નથી થતી, સમતા સહજ થઇ જાય છે, તેને માટે પ્રયત્નની જરૂર નથી રહેતી. સાધારણ વ્યક્તિના મનમાં અનેક સંકલ્પ–વિકલ્પ મળ્યા કરે છે. ચેતના ઉચ્ચતમ સ્થિતિ પ્રાપ્ત કરે છે ત્યારે તે સ્થાયી થઇ જાય છે, જ્યારે મન ઉપર કોઇ ખાસ દબાણ નથી હોતું ત્યારે તે સંકલ્પશૂન્ય રહે છે. તે જ સંતોષી સહજ સમાધિ છે. "મન મૂંગુ થતાં શું બોલે?"

હવે સંકલ્પ(ક્રિયાશકિત)નો વિચાર કરીએ. સાધારણ મનુષ્યના સંકલ્પ કદિ સફળ અને કદિ વિફળ બને છે. આધ્યાત્મિક ઉન્નતિથી સંકલ્પ હંમેશા સફળ થવા લાગે છે. વ્યકિત સત્ય સંકલ્પ થઇ જાય છે. તેના સંકલ્પ પ્રકૃતિને માટે માર્ગ દેખાડે છે અથવા તો એમ કહીએ કે એ બન્નેમાં સામંજસ્ય સ્થાપિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ જાય છે, એની કામનાઓ શાંત થઈ જાય છે અને કોઇ ઉદિત થાય છે તો તે પૂર્ણ થઇ જાય છે.

સાધારણ અવસ્થામાં આધ્યાત્મિક ઉન્નતિનો શરીર પર પ્રભાવ પાડવાની જરૂર છે. આપણી જાગેલી આત્મશક્તિ આપણાં શરીરનું શોધન કરી દે છે. વિજાતીય દ્રવ્યનો ધીમે ધીમે બહિષ્કાર થઇ જાય છે. એનાથી આપણી પ્રાણશક્તિ વધ્યે જાય છે.

આપણે ઉપર જોઇ લીધું કે આત્મિક વિકાસ જ વાસ્તવિક આધ્યાત્મિક ઉન્નતિ છે. એ એકાંગી ઉન્નતિ નહિ, પરંતુ સર્વાંગી છે, એ જ પૂર્ણ ધર્મ છે. એ ઉન્નતિ '**यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः**' એ ધર્મના લક્ષણને સર્વ રીતે પૂર્ણ કરે છે. એ ધર્મની પ્રાપ્તિની કસોટી સ્પષ્ટ જ છે. આપણી બુદ્ધિની શક્તિ આગળ કરતાં વધતી જાય છે અને ધીમે ધીમે આપણે આત્મસ્ફૂર્તિ પ્રાપ્ત કરીએ છીએ. આપણું મન પહેલાં કરતાં દિવસે દિવસે બળવત્તર તથા વધારે પ્રેમપૂર્ણ તરંગોને પ્રવાહિત કરે છે, સહાનુભૂતિ, નિઃસ્વાર્થતા, તથા સેવાની માત્ર ભાવનાઓ જ જાગ્રત થાય છે એટલું જ નહિ પણ સફળ ક્રિયાનું રૂપ પણ ગ્રહણ કરવા લાગે છે. કામ ક્રોધાદિ વિકારોનું શમન થવા લાગે છે. મનની અંદર વધારે સમતા, પ્રસન્નતા તથા શાંતિનો ઉદય થાય છે, આપણા સંકલ્પ પ્રબળ બને છે, આપણે હલકી વૃત્તિઓ પર વિજય મેળવીએ છીએ તથા આપણાં કાર્યમાં સત્યતા મેળવીએ છીએ.

આ વાસ્તવિક આધ્યાત્મિક ઉન્નતિના બહાર પ્રકટ થનારાં લક્ષણો છે. એનાથી આપણે આપણી પોતાની આધ્યાત્મિક ઉન્નતિની તથા બીજાની ઉન્નતિની પરીક્ષા કરી શકીએ છીએ. તેનાં આંતરિક લક્ષણો તો જુદી જ વસ્તુ છે, તે તો વિરલ મનુષ્યો સમજી શકે છે.

આધ્યાત્મિક ઉન્નતિને પ્રાયે કરીને લોકો જીવનથી પૃથક્ કરી મૂકે છે. એવું સમજવામાં આવે છે કે તેને પ્રાપ્ત કરવા માટે સંસારનો ત્યાગ કરવાની આવશ્યકતા છે પરંતુ ખરી રીતે વિચારીએ તો આધ્યાત્મિકતા સૌથી નિરાળી વસ્તુ છે. જીવનને સૌંદર્ય, સૌમ્યતા તથા શક્તિથી પૂર્ણ કરવું, તેને ઉચ્ચ, પવિત્ર તથા આનંદમય કરી મૂકવું, દિવ્ય કરવું, સમાજ, દેશ, જાતિ, તેમજ મનુષ્યમાત્રમાં નિઃસ્વાર્થ સેવા તથા સહાનુભૂતિ દ્વારા સુખનું સામ્રાજ્ય સ્થાપવું એ એનું સ્વાભાવિક પરિણામ છે, આધ્યાત્મિકતા મધુરી માતૃમૂર્તિ છે, પ્રેમ એક હૃદય છે, આત્મિક સ્ફૂર્તિ તેનું મગજ છે, અબાધ્ય ક્રિયાશક્તિ તેનો સંકલ્પ છે, સત્ય તથા સંયમ તેના મજબૂત પગ છે, સેવા તથા આત્મત્યાગ તેની ભુજાઓ છે, સમતાનું લોહી એની શિરાઓ જ્યાં નસેનસમાં સતત વહ્યા કરે છે, લૌકિક લાભ તથા પારલૌકિક મંગળ તેની સહચારિઓ છે, આનંદની સહેજ સુવાસ તેમાંથી વહ્યા કરે છે. કયો માણસ આવી માતાની મીઠી ગોદમાં બેસવા ન ઇચ્છે ?

આજે તો સંસાર પાશવિકતાનો ખુલ્લો પરિચય આપી રહેલ છે. ક્રૂરતા તથા અશાંતિનું અતૂટક સામ્રાજ્ય ચારે તરફ વ્યાપી રહેલું છે. હાહાકારનો હૃદયવિદારક અવાજ ચારે બાજુ સંભળાઇ રહ્યો છે. આનું મૂળ કારણ છે આધ્યાત્મિકતાનો અભાવ. આપણે જો શાંતિ તથા આનંદનું સામ્રાજ્ય સ્થાપવું હોય તો આપણે આધ્યાત્મિક સાધનોનો આશ્રય અવશ્ય લેવોજ જોઇએ **इत्यलम्** ॥.

# આત્મ ધર્મવિકાસ

રચયિતાઃ–
**મુનિરાજ હેમેન્દ્રસાગરજી મહારાજ–પ્રાંતિજ**

( ધર્મ સમાજ, દેશ અને જીવન એ જ્ઞાન અને સદ્‌ગુણરૂપી જલસિંચને વિકસિત બની ઝળહળે છે, કારણ કે જ્ઞાન અને સદ્‌ગુણ વિકાસની પૂર્ણતાનાં વાહક છે. માનવ જીવનના પ્રત્યેક વ્યવહારોમાં ઓતપ્રોત, વિશ્વવ્યાપી છતાં દેહથી ભિન્ન, એવા પ્રત્યેક આત્મા માટે ધર્મ સંજીવિની સમાન છે. અન્ન, જલ, શ્વાસોચ્છ્વાસ વગેરેની જીવનમાં જેટલી જરૂર છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી પણ અધિક જરૂર માનવો માટે ધર્મની છે.)
સમજાવશો મહાનુભાવો !

કે ધર્મ એટલે શું ?
મહત્વ શું ધર્મનું ? તે
કેમ આચરે છે તેને દેહી જીવનમાં ?
સંસ્મરકૂપમાં ઢળી પડતા આત્માને
ધારણ કરી સ્થાપે શુભ સ્થાને
એજ માનો સત્ય ધર્મ.

**दुर्गतौ प्रपतज्जन्तून् यस्माद् धारयते ततः ।**
**धत्ते चैतान् शुभस्थाने तस्माद् धर्म इति स्मृतः।१**

પ્રગટે છે મંજુલ મંગલાવલિ,
દિનપ્રતિદિન સદ્ધર્મના આરાધને;
વૃદ્ધિ પામે છે સુખસંપત્તિની પરંપરા,
પ્રાપ્ત થાય ઇષ્ટસિદ્ધિ સહ બુદ્ધિવૈભવ,
ધર્મકાર્યની સિદ્ધિ,
સંપ્રાપ્ત કરાવે સદ્ધર્મ.

**दिनेदिने मंजुल मङ्गलावलिः,**
**सुसम्पदः सौख्यपरंपरा च ।**
**इष्टा च सिद्धिर्बहुधा च बुद्धिः,**
**सर्वत्र सिद्धिः सृजतां सुधर्मम् ॥१॥**

અહિંસા, સંયમ ને તપ યુકત જ,
માનજો માનવી ! મંગલમય ધર્મ.

**अहिंसा संजमं तवो,**

આત્માનો વિકાસ બને ધર્મસેવનથી.
અનંતકાળથી જામેલા છે આત્મા પર,
મહામિથ્યાત્વના ભારે થર.
નષ્ટ કરે છે તે સર્વને,
ધર્મરૂપી તેજસ્વી તરણી.
મહાનુભાવો !
સત્ય ધર્મ એ જ વીતરાગ ધર્મ
કર્મ સમૂહ સાથે યુદ્ધ કરવા,
પરમાત્માનું ધ્યાન એજ છે
મહાન અસ્ત્ર,
પરમાત્માનું ધ્યાન ધરનાર સાધક,
જરૂર આત્મ સમાન ગણે અન્યને,
સર્વદા રહે રાગ અને દ્વેષથી રહિત
કરે શુભ સાધનથી સંસારભ્રમણનો નાશ,

**साइज्जइ परमप्पा,**
**अप्पसमाणो गणिज्जइ परो वि ।**
**किज्जइ राग न रोसो–**
**छिन्निज्जइ तेण संसारो ॥ १ ॥**

વિકાર વિજયી સદા નિર્ભય,
પ્રાણી માત્રમાં સમભાવી.
પરમપદને જ યોગ્ય,
રાગદ્વેષ આત્માના અરિ.
રાગદ્વેષથી અલિપ્ત જ મહાપુરુષ
મિથ્યાત્વ દૂર કરી.
વિરતિભાવ હૃદયે ધરી
વિકારોને વશ કરી
અપ્રમાદી બને છે મહજજનો,
જ્ઞાનરૂપી તેજ કિરણાવલિથી
અજ્ઞાન અંધકાર દૂર કરી
સંસારસમુદ્ર તરે છે સંતજન
રાગદ્વેષ જીત્યા જિનેશ્વરે
જિનેશ્વર છે ઇષ્ટ જેના તે જૈન.
જિનેશ્વરોએ ઉપદેશેલો ધર્મ
તે " જૈન ધર્મ. "
કમલ સમ વિકસે આત્મકમલ
જો તે પામે ધર્મ કિરણાવલિ
રત્નત્રયીના સાથી નીતિ અને ધર્મ
સર્વદા પરમ કલ્યાણકારી.
પ્રગટાવે તે ભાવિ હૃદયે
હર્ષ ને મંગલ
સંપત્તિનો થાય ઉદય
મદમાન ત્યાગી ધર્મ ભાવીને
સર્વદા સુખદાયક છે
કામધેનુ, ચિન્તામણિ ને કલ્પવૃક્ષ સમ
પવિત્ર ધર્મ સેવન.

**का काम धेनु—**
**रिह कश्चिन्ता मणि रपि ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**च कल्पशाखी कः ?**
**सर्वाण्यमूनी भुवने,**
**पर्यायवचांसि धर्मस्य ॥ १ ॥**

ભક્તિભરી સાધુજનની સેવા
નિઃસ્વાર્થભાવી સર્વ જીવ પ્રત્યે મૈત્રી
નશ્વર પદાર્થની મમતાનો પરિત્યાગ
એ છે સર્વે ધર્મ આરાધનાના સાધનો.
દાન, શીલ, તપ ને ભાવ
એ છે ધર્મ પ્રાપ્તિના ચારુ અંગ.
વિદ્યા વિકસે મલયચંદન સમ
સદ્ગુણી જન હૃદયે;
મૈત્રી, પ્રમોદ, કરુણા,
માધ્યસ્થ ભાવના પ્રગટાવે.

---

# બાર ભાવનાઓનું સુંદર સ્વરૂપ

લે. **મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.**

**હે ચેતન, એ અનિત્યભાવના** ભાવતાં પ્રથમ તું તારા હૃદયને આ પ્રમાણે પ્રતિબોધ આપજે. હે હૃદય, તું આ સંસારના પદાર્થો તરફ તારો આવેશ દર્શાવીશ નહિં. તે સર્વ પદાર્થો પરિણામે અનિત્ય છે, વિનાશશીલ છે અને નિરર્થક છે. સંસારના જે પદાર્થો તને આકર્ષે છે તે પદાર્થો તારા આત્માના નથી તેમ તારો ઉદ્ધાર કરનારા પણ નથી. આખરે ઇંદ્રજાળના જેવા ક્ષણ સ્થાયી છે તેની અનિત્યતા તારી આગળ સાબિત કરવાની કાંઇ જરૂર નથી તે તું આ સંસારમાં પ્રત્યક્ષ જોઈ શકે છે. પ્રેમવતી પ્રિયાવાળો પુરુષ ક્ષણમાં વિધુર થઇ જાય છે, અખૂટ ધનવાળો ક્ષણમાં નિર્ધન બની જાય છે. પ્રવીણ અને પરાક્રમી પુત્રોવાળો ઘડીકમાં વંધ્ય થઇ જાય છે અને સ્વજનોનાં પરિવારથી વીંટાએલો માણસ થોડીવારમાં એકાકી બની જાય છે. હે હૃદય, તે વાત તારા લક્ષમાં રાખજે, આ સંસારમાં શરણ કરવા યોગ્ય શું છે ?

અશરણ આત્માને કોનું શરણ લેવું જોઇએ ? અને શરણ અથવા સહાયના સાધનો ક્યાંથી મેળવી શકાય છે ? ઇત્યાદિ ભાવનાઓથી આ ભાવના ભરપૂર છે. આ સંસારમાં મુસાફરી કરનારાઓને ક્ષણેક્ષણે અંતરાયો આવ્યા કરે છે તે અંતરાયોમાંથી બચવા માટે કોઇ પણ ઉપાય શોધવો જોઇએ. તે ઉપાય સર્વ રીતે અબાધ્ય અને ઉચ્ચ કોટીનો હોવો જોઇએ. જગતમાં તેવો ઉપાય કયો છે ? તેને માટે શાસ્ત્રકાર આ પ્રમાણે લખે છે.

**હે ચેતન ! તું જો આ અશરણભાવના** ભાવીશ તો તેને ખાત્રી થશે કે, આ જગતમાં ધર્મ જ ખરેખરૂં શરણ છે. તે ધર્મનું દિવ્ય બળ તને આત્મિક ઉન્નતિએ પહોંચાડશે. અને આ સંસારનો ખરો સ્વાદ ચખાડી છેવટે તને તારું સ્વરૂપ બતાવશે કે જે સ્વરૂપમાં અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ અનંત ગુણો પ્રગટ થયેલા તને દેખાશે. અને પછી તે તારી અનંતશક્તિનું ભાન તને કરાવશે, અને કર્મોની પ્રેરણાથી રમાતો આ સંસારનો ખેલ તારી સન્મુખ ખડો કરી બતાવશે.

**હે આત્મન્ ! જો તું આ સંસાર ભાવના** ભાવીશ તો તારા મનુષ્ય જીવનની ઉપર કોઇ દિવ્ય પ્રભા પડશે, સંઘ અથવા સમાજની સેવા કરવાની શુદ્ધ વૃત્તિ તારામાં જાગ્રત થશે, સર્વ દેશબંધુઓને માનવ જીવનની મહત્તા સમજાવવાની તારી વૃત્તિ થશે, અસંતોષ, સ્વાર્થ તરફ અભાવ આવશે. સદ્વિદ્યા અને જ્ઞાનના મધુર ફળો ચાખવાની તીવ્ર ઇચ્છા થશે, અને સાનુભવ જ્ઞાનના સ્વરૂપ વિચાર કરીને માનવ જીવનમાંથી ગ્રહણ કરવા યોગ્ય સારનો સ્વીકાર કરવાની અભિલાષા ઉત્પન્ન થશે.

**પ્રિય ચેતન !** તારા જીવનને સન્માર્ગ દર્શાવનારી અને ખરા કર્તવ્યની દિશા તરફ દોરનારી આ સંસાર ભાવનાને જો તારા હૃદય ઉપર આરૂઢ કરીશ તો તારી આગળ આ સંસારનું શુદ્ધ સ્વરૂપ સ્વતઃ પ્રગટ થઇ આવશે તે તને દર્પણની જેમ દેખાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશે તે સાથે આ ભવાટવી કેવી ભયંકર છે અને અંદર પ્રાણીઓની શી સ્થિતિ થાય છે તે બધું સ્વરૂપ તારી સમક્ષ ખડું થઇ આવશે.

**પ્રિય ચેતન! હવે એકત્વ ભાવના** ભાવજે. એટલે તારા હૃદયમાં સંવેગનો દીપક પ્રગટ થશે. તેના પ્રકાશથી તારા હૃદયનો અંધકાર દૂર થઇ જશે. તારી આસપાસ પથરાએલી સ્વાર્થની જાળ તારા જોવામાં આવશે અને તને ખાત્રી થશે કે આ સઘળો સંબંધ સ્વાર્થમય છે. હું તો પોતે એકલો જ છું. મારો ખરો સહાયક તે મારો આત્મા જ છે. જ્યારે મારી જીવનની જ્યોતિ બુઝાઇ જશે, અથવા મારા ચેતનની શક્તિઓ મંદ પડી જશે ત્યારે જેમ લીલા કુંજાર વનને દાવાનળ લાગવાથી પક્ષીઓ છોડી દે છે તેમ આ સર્વ પરિવાર મને છોડી દેશે, આખરે હું એકાકી રહેવાનો છું.

આ એકત્વ ભાવના આ સંસારની આંતર અને બાહ્ય ઉપાધીઓથી દૂર રહેવામાં મુખ્ય સાધનરૂપે ગણાય છે.

**હે ચેતન!** શાસ્ત્રકારોએ આ સંસારને એક ચકડોળની ઉપમા આપી છે. તે ચકડોળ ઉપર ચડેલો જીવ ભ્રમથી પોતાના આત્મસ્વરૂપને ભૂલી જાય છે અને પરવસ્તુમાં આત્મબુદ્ધિ ધારણ કરે છે તે પામર જીવ પ્રથમ તો પોતાના કુટુંબ તરફ મમત્વની જાળ બાંધે છે અને તેમાં પોતે જ ફસી પડે છે. મમતારૂપ ગ્રંથિમાં ગુંથાઈ ગયેલો મોહી જીવ પોતાની મનોવૃત્તિમાં આ પ્રમાણે વિચાર કરે છે. "આ સઘળું કુટુંબ મારું છે. મારી સત્તા નીચે રહી તે કાયમ મને સુખકારી થયા કરવાનું છે તે સદાકાળ એક જ સ્થિતિમાં મારા ભેગું રહેવાનું છે. આ સર્વ કુટુંબનો મારે કોઇ દિવસ વિયોગ થવાનો નથી. હું મારા કુટુંબ સાથે સદાકાળ આનંદમાં જ રહેવાનો છું.

**હે ચેતન!** તારી આ ભાવના તદ્દન ખોટી છે. તારે વિચાર કરવો જોઇએ કે જે વસ્તુ કેવળ **અન્યત્વ** અને અસ્થિર સ્વભાવ ધરાવે છે, તે કોટી ઉપાયે પણ સ્થિર રહેવાની નથી કારણ કે જે કુટુંબીઓ તારા ઘરમાં એકઠા થયા છે તે બધાનાં કર્મો જુદાં જુદાં છે. તેઓ પોતપોતાના કર્માનુસારે જેવી રીતે આવ્યા તેવી રીતે પાછા ચાલ્યા જવાના છે. મહાત્મા સનતકુમાર ચક્રવર્તીના ચમત્કારી ચરિત્ર ઉપરથી અશુચિ ભાવનાનો ખરો બોધ મળી શકે છે. આ ઉપરથી દરેક મનુષ્યે પોતાના આત્માને ઉદ્દેશી આ ઉચ્ચ ભાવના ભાવવી જોઇએ. હે આત્મન્! પ્રથમ તું કાયાની ઉત્પત્તિનો વિચાર કરીશ તો તને ખાત્રી થશે કે–એ કાયાનું ઉત્પત્તિ-સ્થાન **અશુચિમય** છે–માતાની યોનિરૂપ દુર્ગંધમય સ્થાનમાં પિતાના વીર્ય અને માતાના મલિન રૂધિરનો મેળાપ થવાથી તારા દેહની ઉત્પત્તિ છે. તેને અનેક ઉપચારોથી ધોઇએ અને ઊંચી જાતની સુગંધ લગાડીએ તો પણ તે કેવી રીતે પવિત્ર થાય? કસ્તુરી, કર્પૂર, ચંદન, પુષ્પ અને સઘળાં તીર્થાદિના જલો પણ આ દેહના સંયોગથી ઊલટાં અપવિત્ર થાય છે તેવા અપવિત્ર દેહને પવિત્ર કરવાને ત્રણ લોકમાં કોઇ પણ પદાર્થ સમર્થ નથી, તેવા દેહની અંદર તું કર્માધીન થઇ બંધાએલો છે તેવા અશુચિ શરીરમાં મમત્વ ભાવ રાખીને તું શામાટે વૃથા હેરાન થાય છે?

## આશ્રવ ભાવના.

આત્મા શુદ્ધ સ્વરૂપી, નિર્મળ અને નિર્લેપ છે. તેનો સત્ય અનુભવ અધ્યાત્મ વિદ્યાથી થાય છે. આધ્યાત્મિક જીવનને જાગ્રત કરનારા જૈન મહાત્માઓએ આત્માનું શુદ્ધ સ્વરૂપ ઓલખ્યું છે, તેથી તેઓ આધ્યાત્મિક જીવનના ખરેખરા પ્રેરક બન્યા છે. તેવા આત્માના શુદ્ધ સ્વરૂપને મલિન કરનાર કોણ છે? અને તે મલિનતા કેવી રીતે થાય છે? તે દરેક ભવ્ય મનુષ્યે સમજવું જોઇએ. તે સમજવાને માટે ભગવાન્ વિશ્વોપકારી તીર્થંકરોએ **આશ્રવ ભાવનાનું** નિરૂપણ કર્યું છે. તે આશ્રવ ભાવનાનું સ્વરૂપ બરાબર સમજવાથી આત્માના શુદ્ધ સ્વરૂપનું યથાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાન થાય છે. તે ઉપયોગી ભાવનાના જ્ઞાનને માટે જૈન વિદ્વાનો ઘણું ઘણું લખી ગયા છે.

### સંવર ભાવના.

હે ચેતન, સંવરના દિવ્ય ગુણને સંપાદન કરવામાં જો તારે કટિબદ્ધ થવું હોય તો આત્માના શુદ્ધ સ્વરૂપનું આક્રમણ કરનારા ત્રણ મહાન્ દોષોની સાથે તારે યુદ્ધ કરવાનું છે. તે ત્રણ મહાન્ દોષો તે રાગ, દ્વેષ અને મિથ્યાત્વ છે. આ ત્રિપુટી આશ્રવને ઉપજાવનારી અને તેથી આ અનંતભવમાં ભ્રમણ કરાવનારી છે તે ત્રણે મહાન્ દોષોને દૂર કરવા માટે ત્રણ સદ્ગુણોને ધારણ કરજે. જે સદ્ગુણો વીર પુરુષોની જેમ તારા તે ત્રણે શત્રુઓને નસાડી મૂકશે જૈન મહાન્ યોગીઓ તે પ્રમાણે કથન કરે છે.

### निर्जरा भावना.

આત્માને લાગેલા કર્મોને જર્જરીભૂત કરી દેવા, તે નિર્જરા કહેવાય છે. તે નિર્જરા તપસ્યાના યોગથી થઈ શકે છે. તેથી આત્મસ્વરૂપ અતિ શુદ્ધ નિર્મળ કરવા માટે નિર્જરા ભાવનારૂપે તપસ્યા કરવાની આવશ્યકતા છે. આ સંસારના હેતુરૂપ એવા કર્મોની સંતતિનો ક્ષય કરવામાં નિર્જરા ભાવનાનો ઉપયોગ છે તેને માટે તપસ્યાના પ્રકાર અવશ્ય જાણવા જોઈએ. તે તપ બાહ્ય અને આભ્યંતર એવા બે પ્રકારે મુખ્ય છે.

વૈરાગ્ય ભાવનાને ઉત્પન્ન કરનારી અને કર્મના જાળને વિદારનારી નિર્જરા ભાવના ભવ્ય હૃદયવાળા ભવીજનોએ ભાવવી જોઈએ.

### लोकस्वरूप भावना.

જેમાં આ લોકના સ્વરૂપની સ્થિતિનો વિચાર કરવામાં આવે અને તે ઉપરથી આ અનાદિ નિધન એટલે જેનો આદિ અને અંત નથી એવા સંસારનું સ્વરૂપ ભાવવામાં આવે તે લોકસ્વરૂપ ભાવના કહેવાય છે. તેને માટે શાસ્ત્રકારે ખૂબ કીધેલ છે.

હે આત્મન ! તું વિચાર કર કે, આ ચૌદ રાજ લોકમાં વાળના અગ્રભાગ જેટલું એવું કોઈ પણ સ્થળ નથી કે જ્યાં આ જીવ સુક્ષ્મ, બાદર અને સ્થાવરપણે તથા ત્રસપણે જન્મ-મરણ નથી કરી આવ્યો તેમ સુખ-દુઃખની પરંપરાને નથી પ્રાપ્ત થયો. અર્થાત્ સર્વ પ્રદેશે તેની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ થયેલ છે. આવું વિચારી તું વિષયથી વિરામ પામી તારા આત્મસ્વરૂપના અવિનાશી સુખમાં મગ્ન થા.

### બોધિદુર્લભ ભાવના.

આ ઉચ્ચ ભાવના ભાવવાથી આત્મા આ મનુષ્ય ભવની દુર્લભતા જાણી શકે છે, તે મનુષ્ય ભવની દુર્લભતા ચૌટામાં રત્નના રાશિની જેમ દર્શાવી છે તેમની તે ઉપર યુગલ પાશાદિ દશ દષ્ટાંતો આપેલાં છે.

કદાપિ પુણ્યયોગે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પામવું મહાદુર્લભ છે. કદાપિ સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થાય પણ તેને આયુષ્ય પર્યંત નિર્વાહ કરી સમાધિ મરણ સુધી નભાવવું ઘણું જ મુશ્કેલ છે. તે રત્નત્રયને પ્રાપ્ત કરી જો જીવ તીવ્ર કષાય વગેરેના ઉદયથી તેને ગુમાવી દે છે, તો જેમ સમુદ્રમાં ચિંતામણી રત્ન જાય છે તે પાછું મેળવવું જેવું દુર્લભ છે. તેવું તે રત્નત્રય પાછું મેળવવું દુર્લભ થઈ પડે છે. તેથી પ્રત્યેક ભવ્ય જીવે પ્રાપ્ત થયેલું તે રત્નત્રય સતત તન, મન અને ધનથી સાચવવું જોઈએ.

### ધર્મદુર્લભ ભાવના.

જીવનના પવિત્ર પ્રવાહને પ્રગટ કરનારી, અને પરિણામે સદ્ગતિને સંપાદન કરાવનારી ધર્મદુર્લભ ભાવના અત્યંત ઉપયોગી છે. જ્યારે બોધિબીજ પ્રાપ્ત થાય છે ત્યારે ધર્મ સાધવાની પ્રવૃત્તિ થાય છે. તેથી બોધિબીજની ભાવના પછી ધર્મદુર્લભ ભાવનાનો ક્રમ રાખવામાં આવ્યો છે. આ વિકટ સંસારમાં ધર્મને જાણવાની સામગ્રી પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે. ધર્મનું શરણ કરવું અને ધર્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્માની સંગતિ કરવી તે કોઇ વીરલા પુરુષને જ પ્રાપ્ત થાય છે. જ્યારે મોહની મંદતા અને કર્મની ઉપશમતા થાય છે. ત્યારે જ ધર્મ ઉપર શ્રદ્ધા પ્રગટે છે. સંસારની વાસનાથી વાસિત થયેલા જીવને વિષય, કષાય, સ્ત્રી, પુત્ર અને ધનાદિકમાં જેવી પ્રીતિ થાય છે તેવી પ્રીતિ જો ધર્મની અંદર થાય તો તે આ સંસારના સમગ્ર દુઃખનો નાશ કરવાને સમર્થ થઇ શકે છે.

---

# વર્તમાન સમાચાર.

શ્રીમાન્ પરમ કૃપાળુ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય આચાર્ય શ્રી અમૃતસૂરિજી મહારાજ પોતાના વિદ્વાન પ્રશિષ્ય વિદ્વાન મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી વગેરે મુનિરાજો વિનંતિપૂર્વક શહેર ભાવનગરમાં પધાર્યા છે. તેઓ સાહેબની ઉપદેશ શૈલી સુંદર હોવાથી રોજ વ્યાખ્યાનમાં શ્રાવક શ્રાવિકાઓ સારો લાભ લે છે. તેઓ સાહેબ અત્રે પધાર્યા પછી તેઓશ્રીના ઉપદેશવડે ચૈત્ર માસની ઓળી, ભાવના અને શ્રદ્ધાપૂર્વક પૂર્ણ થઇ; દરમ્યાન ચૈત્ર શુદ ૧૩ શ્રી મહાવીરપ્રભુનું જન્મ કલ્યાણક હોવાથી રથયાત્રાનો વરઘોડો ચઢ્યો હતો. કલ્યાણક સુંદર રીતે ઉજવાયાનો આ શહેરમાં પ્રથમ પ્રસંગ છે. ચૈત્ર શુદ ૧૫ ના રોજ મોટા દેવ વાંદવાનો દ્રવ્ય ભાવપૂર્વક તેઓ સાહેબની નિશ્રામાં સુંદર પ્રસંગ સાંપડ્યો હતો. વદિ ૨ મુનિરાજ શ્રી ધુરંધરવિજયજીકૃત પ્રથમ અને નવી શ્રી આદિનાથ પંચકલ્યાણક પૂજા વાજિંત્ર સાથે મોટા જિનાલયમાં ભણાવવામાં આવી હતી. ઘણા ભાવિકોએ સારો લાભ લીધો હતો.

### પંજાબ-સમાચાર.

પંજાબકેસરી પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજય વલ્લભસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણા ૪ જીરાથી વિહાર કરી મોંગા, જગરાવાં, રાયકોટ, અહમદગઢમંડી થઇ દોરાહા પધાર્યા હતા. દોરાહાથી અનેક ગામ નગરોમાં થઇ દ્વિ. ચૈ. વ. ૧૩ રોપ્પડ પધાર્યા હતા. અંબાલાના સંઘમાં સંપ કરાવ્યો હતો. ભાવના સફલ થઇ હતી. ઉત્સવ અવર્ણનીય હતો અને ધૂમધામ સાથે નગરપ્રવેશ કરાવ્યો હતો.

દ્વિ. ચૈત્ર સુ. ૧ ની સંક્રાંતિ તથા શ્રીમદ્ આત્મારામજી મ. ની જયંતિ હોઇ સવારના સંક્રાંતિ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. અને બપોરના શ્રીમદ્ આત્મારામજી મ. ની જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. અમૃતસરના સંઘોએ ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતી કરી હતી. અમૃતસરની ધારણા છે.

શ્રી નવપદ ઓલીની આરાધના સમારોહપૂર્વક કરાવી હતી. અને ચૈત્ર શુ. ૧૩ના રોજ શ્રી વીર જયંતિ ધૂમધામપૂર્વક ઉજવવામાં આવી હતી. લાલા હંસરાજજીએ જ્ઞાન પંચમીનું ઉદ્યાપન કર્યું હતું. આચાર્યદેવ અત્રેથી માલેરકોટલા પધારશે.

# સ્વીકાર-સમાલોચના.

### શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડલ-રજત મહોત્સવ સ્મારક ગ્રંથ.

પચીશ વર્ષ પૂર્વ આચાર્ય મહારાજશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી જ્યારે જૈન સમાજને એક સેવા મંડળની જરૂર જણાઈ ત્યારે ઉત્સાહપૂર્વક બંધારણીય આ મંડળની સ્થાપના થઈ. નાના સરખા મંડળમાંથી આજે પચીશ વર્ષની વય ભોગવતું આ મંડળ અનેકવિધ સેવા આપતું, રજત મહોત્સવ ઉજવતું અત્યારનું આ સ્વયંસેવક મંડળ છે. પચીશ વર્ષ દરમ્યાનમાં જૈન અને જૈનેતર સમાજની ખરી જરૂરીયાત પ્રસંગેની અનુપમ સેવા આ મંડળે બજાવી છે, તેમ આ સ્મારક ગ્રંથ વાંચતાં માલૂમ પડે છે. તેમનો આ સ્મારક અંક બંને રીતે સુંદર પ્રકટ થયો છે. પ્રથમ જૈન તીર્થ વર્ણન ફોટો સાથે, એ તો યાત્રા માટે એક ભોમિયા જેવો છે. જૈન જ્યોતિર્ધરોના નામના ઉલ્લેખ સાથે પરિચય અને ત્રીજા ખંડમાં થોડા લેખો પણ આ અંકને ઉપયોગી બનાવે છે. કોઇપણ પ્રકારની આશા રાખ્યા વગર આડંબર વિના પોતાનું કર્તવ્ય સમજી સમાજની સેવા કરી છે તેમ આ મંડળ સેવા કરતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

આવ્યું છે. પોતાના ઉદ્દેશ પ્રમાણે સેવા કરતું આ મંડળ પોતાનો રજત મહોત્સવ ઉજવે એ યથાયોગ્ય છે. જૈનસમાજને આ મંડળના સેવા ધર્મો વૃદ્ધિ પામે, જૈનસમાજનું એક ઉપયોગી અંગ બને તે માટે સંપૂર્ણ સહાનુભૂતિ અને આર્થિક સહાય આપવા સૂચના કરીએ છીએ. આ અંકમાં છેવટે પચીશ વર્ષની આપેલ પોતાની કાર્યવાહી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ અને બીજા ગામો શહેરો વગેરેના જૈન સમાજના યુવકોને અનુકરણીય છે. આ સ્વયંસેવક મંડળની ભાવિ ઉન્નતિ અને આબાદી ઇચ્છીએ છીએ.

## નિમણુંક.

૧ આ સભાના બીજા સેક્રેટરી શેઠ હરજીવનદાસ દીપચંદનો સ્વર્ગવાસ થતાં તેની ખાલી પડેલી જગ્યાએ **ડૉકટર જસવંતરાય મૂળચંદ શાહ** એમ. બી, બી. એસ. ની સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી છે.

## સુધારો.

ગયા અંકમાં પ્રથમ પેજે સ્તુતિઓ છે તેમાં બીજી સ્તુતિની પ્રથમ લાઇનમાં **भत्तिजुताए सत्ताएने** બદલે **भत्तिजुत्ताण सत्ताण** વાંચવું.

## જાહેર અપીલ.

તા. ૧૪-૪-૪૪ ના રોજની હોનારત અંગે જેમને નુકસાન થયું છે તેમાંથી જેમણે કલેઇમ અત્યાર સુધી ન નોંધાવ્યો હોય તેઓ સ્થાનિક કે બહારગામ ગયેલાએ પોતાનો કલેઇમ નોંધાવવાની અરજી કરવા સરકાર તરફથી છૂટ મળેલ છે જેથી નીચેના સરનામે તેમણે મળી કલેઇમ નોંધાવી જવો.

મુંબઇ મંત્રી બીલ્ડીંગ
કીકાસ્ટ્રીટ નં. ૩

લી૦
**વરધીલાલ વમળશી**
**મુક્તિલાલ વીરવાડીયા**
મંત્રીઓ.

## શેઠ વૃજલાલ છોટાલાલનો સ્વર્ગવાસ.

ભર યુવાનવયે થોડા મહિનાની બિમારી ભોગવી પ્રથમ ચૈત્ર વદ ૧૧ રવિવાર તા. ૮-૪-૪૫ ના રોજ પંચત્વ પામ્યા છે. ભાઇ વૃજલાલ ધર્મી કુટુંબના નબિરા હતા. ધાર્મિક સંસ્કાર વારસામાં ઉતર્યા હતા. તેઓ શાંત, સરલસ્વભાવી અને મિલનસાર હતા. તેઓ આ સભાના લાઇફ મેમ્બર હતા. તેઓના સ્વર્ગવાસથી એક ધર્મશ્રદ્ધાળુ સભ્યની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

# વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી શ્રેયાંસનાથનું સ્તવન | (આ૦ મ. શ્રી પદ્મવિજયજી) | ૧૩૫ |
| ૨ | સાહિત્ય અને તેની ઓળખ | (મુ. શ્રી ધુરંધરવિજયજી) | ૧૩૬ |
| ૩ | ક્રોધજય | (આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી) | ૧૩૮ |
| ૪ | સંક્ષિપ્ત બોધવચનમાળા | (આ. શ્રી. વિજયપદ્મસૂરિ) | ૧૪૨ |
| ૫ | આત્મા સાથે કર્મના પુદ્ગલોનો સંબંધ અને બંધન મુક્તિ... | (મુ૦ પુણ્યવિજયજી) | ૧૪૩ |
| ૬ | સંસારમાં સારભૂત | (મુ૦ પુણ્યવિજયજી) | ૧૪૪ |
| ૭ | ભલા થઇને ભલું કરજો | (મુ૦ શ્રી લક્ષ્મીસાગરજી) | ૧૪૫ |
| ૮ | આધ્યાત્મિક ઉન્નતિ | (અભ્યાસી) | ૧૪૫ |
| ૯ | આત્મધર્મ વિકાસ ... | (મુ. હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૧૪૮ |
| ૧૦ | બાર ભાવનાનું સ્વરૂપ | (મુ. શ્રી લક્ષ્મીસાગરજી) | ૧૫૦ |
| ૧૧ | વર્તમાન સમાચાર ... | | ૧૫૪ |


મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only